dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 225 | AD - 2026, Jeth Sud -06 | Friday, Dt. 22-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### રાજ્યપાલ દ્વારા રાજભવન ખાતે કુલ ૨૩ ધારાસભ્યોને મંત્રી પદ અને ગુપ્તતાના શપથ

## તમિલનાડુ મુખ્યમંત્રી વિજયના મંત્રીમંડળનું વિસ્તરણ

ચેન્નાઈ,તા.૨૧

તમિલનાડુના રાજકીય પરિદ્રશ્યમાં આજે એક ઐતિહાસિક અને મોટો દિવસ સાબિત થયો છે. મુખ્યમંત્રી થલાપતિ વિજયે પોતાની સરકારના પ્રથમ મોટા મંત્રીમંડળ વિસ્તરણની સત્તાવાર જાહેરાત કરી છે. આ અંતર્ગત રાજ્યપાલ દ્વારા રાજભવન ખાતે કુલ ૨૩ ધારાસભ્યોને મંત્રી પદ અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ મંત્રીમંડળ વિસ્તરણ દ્વારા તમિલનાડુના રાજકારણમાં એક નવો અને મજબૂત સંદેશ મોકલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલના સમયમાં મંત્રીમંડળના આ વિસ્તરણમાં સાથી પક્ષોની ભૂમિકાને લઈને રાજકીય વર્તુળોમાં વ્યાપક ચર્ચાઓ ચાલી રહી છે. આ નવા સંગઠનમાં વીસીકે પક્ષ સત્તાવાર રીતે વિજય સરકારમાં જોડાયો છે. જોકે, કયા ધારાસભ્યને કયું મંત્રી પદ આપવું તે અંગેનો અંતિમ નિર્ણય હજુ સુધી બાકી હોવાના કારણે આઈયુએમએલ પક્ષ હાલ પૂરતો આ શપથગ્રહણ સમારોહથી દૂર રહ્યો છે. પક્ષના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર તેમના બે ધારાસભ્યોમાંથી કોને મંત્રીમંડળમાં સ્થાન આપવું તે નક્કી થયા બાદ તેઓ સરકારમાં સામેલ થશે.આ વિસ્તરણ સાથે તમિલનાડુના રાજકારણમાં કોંગ્રેસ પક્ષનો છેલ્લા ૫૯ વર્ષનો લાંબો દુકાળ આખરે સમાપ્ત થયો છે. પૂરા ૫૯ વર્ષના લાંબા સમયગાળા પછી કોંગ્રેસ તમિલનાડુ સરકારનો એક ભાગ બની છે. આ વખતે કોંગ્રેસના કુલ પાંચ ધારાસભ્યોમાંથી બે ધારાસભ્યોને મંત્રીમંડળમાં



મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત વીસીકે પક્ષના બે ધારાસભ્યોમાંથી એકને મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અહીં એ નોંધવું વ્યાજબી રહેશે કે વિજયની પાર્ટી ટીવીકેએ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં પોતાના દમ પર ૧૦૮ બેઠકો જીતીને શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ રાજ્યમાં પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવા માટે ૧૧૮ ધારાસભ્યોના સમર્થનની જરૂર હતી. આ ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિને કારણે ટીવીકે પક્ષે કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને આઈયુએમએલના બહુમૂલ્ય સમર્થનથી ગઠબંધન સરકારની રચના કરી છે. આ ઉપરાંત એડીએમકે પક્ષના ૨૪ બળવાખોર ધારાસભ્યોએ પણ વિધાનસભાના ફ્લોર ટેસ્ટ દરમિયાન મુખ્યમંત્રી વિજયની તરફેણમાં પોતાનો મત આપ્યો હતો. આ ફ્લોર ટેસ્ટ દરમિયાન કુલ ૧૪૪ ધારાસભ્યો વિજય સરકારના સમર્થનમાં મક્કમતાથી ઊભા રહ્યા હતા, જે બહુમતીના આંકડા કરતાં ૨૬ જેટલા વધુ છે.તમિલનાડુ સરકારના આ વિસ્તરણમાં શપથ લેનારા મંત્રીઓમાં મુખ્યત્વે શ્રીનાથ, કમલી એસ., સી. વિજયલક્ષ્મી, આર.વી. રંજીથકુમાર, વિનોદ, રાજીવ, બી. રાજકુમાર, વી. ગાંધીરાજ, મથન રાજા પી., જેગડેશ્વરી કે., રાજેશ કુમાર એસ., એમ. વિજય બાલાજી, લોગેશ તમિલસેલવાન ડી., વિજય તમિલન પાર્થિબન, રમેશ, પી. વિશ્વનાથન, કુમાર આર., તેન્નારાસુ કે., વી. સંપત કુમાર, મોહમ્મદ ફરવાસ જે., ડી. સરથકુમાર, એન. મેરી વિલ્સન અને વિગ્નેશ કે.નો સમાવેશ થાય છે. આ તમામ મંત્રીઓ અનુક્રમે થૂથુકુડી, અવિનાશી, કુમારપાલયમ, કાંચીપુરમ, કુંભકોણમ, તિરુવદનાઈ, કુડ્ડલોર, અરક્કોનમ, ઓટ્ટાપીદરમ, રાજપાલયમ, કિલ્લીયુર, ઈરોડ ઈસ્ટ, રાસીપુરમ, સાલેમ, શ્રીરંગમ, મેલુર, વેલાચેરી, શ્રીપેરુમ્બુદુર, કોઈમ્બતુર ઉત્તર, અરંથંગી, તાંબરમ, રાધાકૃષ્ણન નગર અને કિનાથુકાડાવુ જેવા વિવિધ મહત્વના વિધાનસભા મતવિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે.

## સીજેઆઈના નિવેદન બાદ ઉભી થયેલી ‘કોકરોચ જનતા પાર્ટી’ના X એકાઉન્ટ પર પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૨૧

CJI સૂર્યકાંતના વિવાદાસ્પદ નિવેદન બાદ અસ્તિત્વમાં આવેલી ‘કોકરોચ જનતા પાર્ટી’ (CJP) પર મોટું સંકટ આવ્યું છે. ગુરુવારે આ ડિજિટલ પાર્ટીના સત્તાવાર X (ટ્વિટર) એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ અચાનક લાગેલા પ્રતિબંધ અંગેની માહિતી પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા આપી હતી. ઉલ્લેખનીય છે કે ગુરુવારે બપોરે ૧૨ વાગ્યા




સુધી આ નવતર પાર્ટીના X પર આશરે ૧ લાખ ૯૩ હજાર જેટલા ફોલોઅર્સ થઈ ચૂક્યા હતા.

આ પાર્ટી માત્ર X અને ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર જ સક્રિય છે. X પર પ્રતિબંધ મુકાયા છતાં તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધમધમી રહ્યું છે અને ત્યાં ગુરુવારે બપોરે એક વાગ્યા સુધીમાં ફોલોઅર્સનો આંકડો સવા કરોડને પાર પહોંચી ગયો છે. દેશના દિગ્ગજ પક્ષો સાથે સરખામણી કરીએ તો ઈન્સ્ટાગ્રામ પર ભાજપના ૮૭ લાખ અને કોંગ્રેસના ૧.૩૩ કરોડ ફોલોઅર્સ છે જેની સામે આ નવી પાર્ટી ઝડપથી આગળ વધી રહી છે.

બોસ્ટન યુનિવર્સિટીના વિદ્યાર્થી અને આપ (AAP)ના પૂર્વ વોલન્ટિયર અભિજીતે જણાવ્યું કે સિસ્ટમની ટીકા કરનાર યુવાનોને CJI દ્વારા વંદા અને પરોપજીવી કહેવાતા તેમણે રોષે ભરાઈને Gen Z યુવાનો સાથે મળી આ પ્લેટફોર્મ બનાવ્યું છે.જે દેશના યુવાનોને નવી દિશા બતાવશે.

## દેશમાં ઈંધણનો જથ્થો પુરતો ઉપલબ્ધ હોવાનો કેન્દ્ર સરકારે રાગ આલોપ્યો

નવી દિલ્હી,તા.૨૧

વિશ્વભરમાં ઊર્જા સંકટ અને ઈંધણના વધતા ભાવો વચ્ચે, ભારતમાં પણ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનોના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. આ વીડિયોઝને કારણે સામાન્ય જનતામાં એવી દહેશત વ્યાપી ગઈ છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસ (LPG) ખૂટી પડ્યા છે. જોકે, સરકારના વરિષ્ઠ અધિકારીઓએ આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠાની કોઈ



જ તંગી નથી. તંત્ર દ્વારા ગ્રાહકોને ઈંધણ આપવાનો ઈનકાર કરનારા કે ઓછું ફ્યૂલ આપનારા પેટ્રોલ પંપો સામે અત્યંત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી તમામ રિટેલ આઉટલેટ્સ પર પુરવઠો સતત જળવાઈ રહે. વાસ્તવમાં, પેટ્રોલ પંપો પર ભીડ થવા પાછળ કેટલાક ચોક્કસ કારણો જવાબદાર છે. હાલમાં પાકની કાપણી એટલે કે લણણીની સિઝન ચાલી રહી હોવાથી કૃષિ ક્ષેત્રે ડીઝલની માંગમાં અચાનક ભારે વધારો થયો છે. આ ઉપરાંત, ખાનગી ઓઈલ કંપનીઓએ પોતાના ભાવો વધારી દીધા હોવાથી ગ્રાહકો હવે મોટા પ્રમાણમાં સરકારી ઓઈલ કંપનીઓના પેટ્રોલ પંપ તરફ વળ્યા છે, જેના લીધે ત્યાં અચાનક વેચાણ વધી ગયું છે. વળી, આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિને કારણે કોમર્શિયલ ખરીદી કરનારાઓને પ્રતિ લિટર અંદાજે ૨૦ રૂપિયા વધુ ચૂકવવા પડતા હતા, જેથી તેઓ પણ હવે સામાન્ય પેટ્રોલ પંપ પરથી જ ઈંધણ ખરીદી રહ્યા છે. બીજી તરફ, રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત પણ અવિરતપણે ચાલુ હોવાથી રિફાઈનરીઓમાં કાચા તેલનો પુરવઠો સુરક્ષિત છે.

### અજાણ્યા હુમલાખોરોએ હમઝા બુરહાનને નિશાન બનાવ્યો

## પુલવામા હુમલાના આંતકવાદીની POKમાં ગોળી મારી હત્યા

નવી દિલ્હી,તા.૨૧

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં પુલવામા આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદી હમઝા બુરહાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. એક અહેવાલ અનુસાર PoKના મુઝફ્ફરાબાદમાં અજાણ્યા હુમલાખોરોએ હમઝા બુરહાનને નિશાન બનાવીને તેના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે હમઝાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ભારત સરકારે વર્ષ ૨૦૨૨માં હમઝા બુરહાનની દેશવિરોધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને ગેરકાનૂની પ્રવૃત્તિઓ એટલે fu UAPA હેઠળ તેને આતંકવાદી જાહેર કર્યો હતો. તેને વર્ષ ૨૦૧૯માં થયેલા ભીષણ પુલવામા આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંનો એક માનવામાં આવતો હતો, જે હુમલામાં ભારતના ૪૦ વીર જવાનો શહીદ થયા હતા.સરકારી દસ્તાવેજો અને તપાસ અહેવાલોના આધારે, અર્જુમંદ ગુલઝાર ડાર ઉર્ફે હમઝા બુરહાન ઉર્ફે ડોક્ટર મૂળ પુલવામાના રત્નીપોરા વિસ્તારનો રહેવાસી હતો. આ ૨૩ વર્ષનો આતંકવાદી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ‘અલ બદ્ર’ સાથે સક્રિયપણે જોડાયેલો હતો. ભારત સરકાર દ્વારા અલ બદ્રને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવેલું છે. સરકારી રેકોર્ડ મુજબ તે અગાઉ કાયદેસરના વિઝા મેળવીને પાકિસ્તાન ગયો હતો. જો કે, પાકિસ્તાન પહોંચ્યા બાદ તે ત્યાં આતંકવાદી સંગઠન અલ બદ્રમાં સામેલ થઈ ગયો હતો. પોતાની ક્રૂર માનસિકતાના કારણે તે ખૂબ જ ટૂંકા સમયમાં આ સંગઠનનો સક્રિય આતંકવાદી અને કમાન્ડર બની ગયો હતો. છેલ્લા કેટલાક સમયથી તે પાકિસ્તાનની ધરતી પરથી જ ભારત વિરૂધ્ધ પોતાની આતંકી ગતિવિધિઓ ચલાવી રહ્યો હતો.હમઝા બુરહાન પર કાશ્મીરી યુવાનોને બ્રેઈનવોશ કરીને અલ બદ્ર સંગઠનમાં સામેલ થવા માટે ઉશ્કેરવાનો ગંભીર આરોપ હતો. તે આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે સરહદ પારથી મોટા પાયે ભંડોળ એકઠું કરવાનું કામ પણ કરતો હતો. ભારતીય તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, તે પુલવામામાં મોટા પ્રમાણમાં વિસ્ફોટકોની હેરફેર અને જમીના કેસોમાં મુખ્ય આરોપી હતો. આ સિવાય ૧૮ નવેમ્બર ૨૦૨૦ના રોજ CRPFના જવાનો પર થયેલા ઘાતક ગ્રેનેડ હુમલાની યોજના ઘડવામાં પણ તેની મુખ્ય ભૂમિકા હતી.


## ઈબોલા વાયરસના ખતરાને લઈ ‘ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ’મોકૂફ

નવી દિલ્હી,તા.૨૧

વૈશ્વિક આરોગ્ય સંકટની સીધી અસર હવે આંતરરાષ્ટ્રીય રાજકારણ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આફ્રિકા ખંડમાં ઝડપથી ફેલાઈ રહેલા ખતરનાક અને જીવલેણ ઈબોલા વાયરસના પ્રકોપને ધ્યાનમાં રાખીને, ભારતમાં યોજાનારી પ્રતિષ્ઠિત ચોથી ‘ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ’ને સત્તાવાર રીતે મોકૂફ રાખવામાં આવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે ગુરુવારે આફ્રિકન યુનિયન સાથે સંયુક્ત બેઠક કર્યા બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ સમિટ આગામી ૨૮થી ૩૧ મે દરમિયાન નવી દિલ્હીમાં યોજાવાની હતી.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૨૨-૦૫-૨૦૨૬

# ડીઝલની અછતને લઈ આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટરને આવેદન

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર મોંઘવારી અને રાજ્યભરમાં સર્જાયેલી ડીઝલની તીવ્ર અછત મુદ્દે રજૂ કરાયું હતું. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયા અને હિરેન વિરડીયાના



નેતૃત્વ હેઠળ મોટી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ આવેદનપત્રમાં ખેડૂતો, ટ્રાન્સપોર્ટરો અને સામાન્ય નાગરિકોને ભોગવવી પડી રહેલી ગંભીર સમસ્યાઓ અંગે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ખાસ કરીને, ખેતીની સિઝનમાં પેટ્રોલ પંપો પર ડીઝલની અછતને કારણે ખેડૂતોના ટ્રેક્ટરો ઠપ્પ થઈ રહ્યા છે, જેનાથી વાવણી પૂર્વે ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી છે. તેથી 'આપ' દ્વારા ખેડૂતો માટે પેટ્રોલ પંપો પર ડીઝલનો વિશેષ ક્વોટા નક્કી કરવા અને ખાતરના વધેલા ભાવ પરત ખેંચવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

# ધારીના માણાવાવ ગામ નજીક રૂા.૪૬.૫૨ લાખનો વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

ધારી,તા.૨૧

ધારી તાલુકાના માણાવાવ ગામ નજીક આંબરડી તરફ જતા કાચા રસ્તા પર આવેલી એક વાડીમાં પોલીસે બાતમીને આધારે સફળ દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન દારૂનું કટિંગ થાય તે પહેલા જ પોલીસે રૂપિયા ૪૬.૫૨ લાખની કુલ કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી




પાડ્યો છે. ખેતરમાં ઉભેલા એક અશોક લેલન ટ્રકમાંથી તપાસ દરમિયાન વિદેશી દારૂની કુલ ૧૫,૧૦૮ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨૫.૯૭ લાખ જેટલી થાય છે. પોલીસે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ માણાવાવ ગામના જયરાજભાઈ જોરૂભાઈ વાળાની સ્થળ પરથી ધરપકડ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા અશોક લેલન ટ્રક અને બોલેરો પીકઅપ વાહનના અજાણ્યા ચાલકો સહિત અન્ય બે ઈસમો વિરુધ્ધ પણ કાયદેસરની ફરિયાદ નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધારીમાં અકસ્માત સર્જી ફરાર થનાર કારચાલક ઝડપાયો

ધારી,તા.૨૧

ધારી-અમરેલી રોડ પર ગત વહેલી સવારે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી હતી. અમરેલીના રહેવાસી અનસ સલીમભાઈ મોગલ પોતાની મારૂતિ સુઝુકી કેરી ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમણે મોર્નિંગ વોક પર નીકળેલા એક નિવૃત્ત મામલતદારને અડફેટમાં લીધા હતા. આ અકસ્માત સર્જ્યા બાદ ચાલક પોતાની ગાડી સાથે



ઘટનાસ્થળેથી તાત્કાલિક ફરાર થઈ ગયો હતો. પોલીસે અકસ્માત સર્જનાર આરોપી અનસ મોગલને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરા નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોએ પૂજા વિધિ કરીને કામગીરી શરૂ કરી

બાબરા,તા.૨૧

બાબરા નગરપાલિકામાં આજે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોએ પૂજા વિધિ કરીને પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. નગરપાલિકાના ઉપપ્રમુખ યજ્ઞેશ શુક્લ દ્વારા શુદ્ધિકર્મ વિધિ પણ કરવામાં આવી હતી. નવી કામગીરી શરૂ કરીને નવનિયુક્ત હોદ્દેદારોએ શહેરના વિકાસ, નાગરિકોની



તસવીર : દિપક કનૈયા

સુવિધાઓ અને પારદર્શક વહીવટ માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ સાથે જ નગરપાલિકા પર રહેલા બાકી બિલોના ભાર, અગાઉ લાગેલી ભ્રષ્ટાચારની છબીને દૂર કરવા માટે સકારાત્મક અને પરિણામલક્ષી કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ રંજનબેન પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશ શુક્લ, કારોબારી ચેરમેન ભરત રંગપરા, પક્ષના નેતા શીવુભાઈ ખાદા તેમજ દંડક મનીષાબેન સરવૈયાએ વિધિવત રીતે પોતાની જવાબદારી સંભાળી હતી. આ પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, શહેરના સર્વાંગી વિકાસ માટે જે પણ જરૂરી પગલાં હશે તે લેવાશે.

# ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે ૯૮મો નેત્રનિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૧

લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે મુંબઈના રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી ૯૮મો વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ સફળતાપૂર્વક યોજાઈ ગયો. લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ દરમિયાન આસપાસના વિસ્તારોમાંથી આવેલા અંદાજે ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓની આંખોની સચોટ તપાસ કરવામાં આવી હતી. તેમાંથી જે ૩૬ દર્દીઓને આંખમાં મોતિયાની ગંભીર સમસ્યા જણાતી હતી, તેઓને વધુ સારવાર અને વિના મૂલ્યે ઓપરેશન કરાવવા માટે ખાસ વાહન દ્વારા અમરેલી ખાતે મોકલવામાં આવ્યા છે.

# મહુવા-બાંદ્રા ટ્રેનને દામનગરમાં સ્ટોપ આપવા લોક માંગ

દામનગર,તા.૨૧

મહુવા થી બાંદ્રા વચ્ચે શરૂ થયેલી ટ્રેનને દામનગરમાં સ્ટોપ આપવા માટે પંથકમાંથી પ્રબળ માંગ ઉઠી રહી છે. આ વિસ્તારના અસંખ્ય લોકોની દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ કાયમ અવરજવર રહેતી હોય છે. હાલમાં આ ટ્રેનમાં પૂરતા પ્રમાણમાં પેસેન્જરો મળતા રેલવે તંત્રને સારી આવક થઈ રહી છે, ત્યારે દામનગરમાં સ્ટોપ મળવાથી રેલવેની આવકમાં લાખો રૂપિયાનો વધારો થઈ શકે તેમ છે. દામનગર શહેરથી માત્ર ૬ કિલોમીટરના અંતરે પ્રખ્યાત સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાનું મંદિર આવેલું છે, જ્યાં મુંબઈ અને દક્ષિણ ગુજરાતથી હજારો ભક્તો નિયમિત દર્શનાર્થે આવે છે. રાજ્યસભાના સાંસદ પુરુષોત્તમ રૂપાલા, પૂર્વ સાંસદ દિલીપભાઈ સંઘાણી અને રાજય ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના નેતાઓ પણ આ સ્થાનક પ્રત્યે અપાર શ્રધ્ધા ધરાવે છે.

કેન્દ્ર અને રાજયમાં ભાજપ સરકાર હોવાથી, સ્થાનિક આગેવાનોએ અમરેલીના સાંસદ અને ધારાસભ્યને આ બાબતે અંગત રસ લઈ રેલવે મંત્રી સુધી રજૂઆત કરવા અપીલ કરી છે.

# સા.કુંડલામાં ક્રિકેટનો મહાકુંભ 'નાવલી પ્રીમિયર લીગ સીઝન-૨' નો શુભારંભ

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા ખાતે ક્રિકેટપ્રેમીઓ માટે આયોજિત 'નાવલી પ્રીમિયર લીગ સીઝન-૨' (NPL) નો ભવ્ય શુભારંભ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જયવીરનાથ બાપુના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ ક્રિકેટ મહાકુંભમાં સાવરકુંડલા વિધાનસભા વિસ્તારની



કુલ ૪૮ ટીમો ભાગ લઈ રહી છે. ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે સાવરકુંડલા શહેરની મહિલા ક્રિકેટ ખેલાડીઓની બે ટીમો વચ્ચે રોમાંચક પ્રારંભિક મેચ રમાઈ હતી, જેમાં ચોગ્ગા-છગ્ગાનો વરસાદ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.આ પ્રસંગે દીપકભાઈ માલાણી, અનિરુધ્ધસિંહ રાઠોડ, નયનાબેન કાપડિયા, રજનીભાઈ ડોબરિયા સહિત નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સ્થાનિક ક્રિકેટપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.










**-//શ્રીએમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટઅનેમામલતદાર, ખાંભા, ખાંભાનીકોર્ટ//-**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૬૫/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- અફઝલ સુલેમાનભાઈ સેલોત,
રહે.ડેડાણ, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, મોટા સમઢીયાળા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી અફઝલ સુલેમાનભાઈ સેલોતના જન્મ તા. ૦૧-૦૭-૧૯૮૮ના રોજ ડેડાણ મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

**-//શ્રીએમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટઅનેમામલતદાર, ખાંભા, ખાંભાનીકોર્ટ//-**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૫૮/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- દુલાભાઈ બચુભાઈ સાવલીયા,
રહે.પીપરીયા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, પીપરીયા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દુલાભાઈ બચુભાઈ સાવલીયાના જન્મ તા. ૦૧-૦૬-૧૯૫૫ના રોજ પીપરીયા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૧૯/૨૦૨૬

અરજદાર :- શ્રી મનસુખભાઈ વશરામભાઈ ભીમાણી
રહે.મોટા આંકડીયા, ઉપરકોટ વિસ્તાર તા.જી.અમરેલી
અરજદારના વિ.વકીલ હરિલાલ આર. પરમાર

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મોટા આંકડીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદાર શ્રી મનસુખભાઈ વશરામભાઈ ભીમાણીએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૨૦/૨૦૨૬

અરજદાર :- શ્રી કાંતિલાલ ભુટાભાઈ ગોજારીયા
રહે.કમીગઢ, તા.જી. અમરેલી.
અરજદારના વિ.વકીલ હરિલાલ આર. પરમાર

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.લાપાળીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કમીગઢ ગામમાં અરજદાર શ્રી કાંતિલાલ ભુટાભાઈ ગોજારીયાએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં બ્લોક રોડ અને ભુગર્ભ ગટર બનાવવા જુનેદ ડોડીયાની રજૂઆત

**પ્રશ્નોનુ નિરાકરણ નહી થાય તો આંદોલનની ચિમકી આપવામાં આવી**

વડિયા,તા.૨૧

વડિયા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૬ ના સદસ્ય જુનેદ ડી. ડોડિયા દ્વારા વડિયાના સરપંચ, અમરેલી કલેક્ટર અને કુંકાવાવ ટીડીઓ (TDO) ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. જેમાં કૃષ્ણપરા વિસ્તારની હવેલી શેરી અને ભરવાડ શેરીમાં બ્લોક રોડ તથા ભૂગર્ભ ગટર બનાવવાની ઉગ્ર માંગ કરાઈ છે.રજૂઆત અનુસાર, સ્થાનિક લોકો છેલ્લા ચાર વર્ષથી આ સુવિધા માટે માંગણી કરી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. આગામી



સમયમાં સાતમ-આઠમ અને મોહરમ જેવા પવિત્ર તહેવારો આવી રહ્યા છે, ત્યારે આ વિસ્તારમાં આવેલા મંદિરો અને દરગાહ પર દર્શનાર્થે આવતા લોકોને ચોમાસાના કારણે ભરાતા ગંદા પાણી અને ગંદકીનો સામનો કરવો પડશે. આથી, ચોમાસા પહેલાં આ પ્રશ્નનું વહેલી તકે નિરાકરણ લાવવા અને જો માંગ પૂરી નહીં થાય તો આગામી દિવસોમાં "ગાંધી ચીંધ્યા" માર્ગે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

# અંટાળીયા મહાદેવના મંદિરે શીશ ઝુકાવતા ડો.પ્રવિણભાઈ તોગડીયા

અમરેલી,તા.૨૧

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. પ્રવિણભાઈ તોગડિયાએ તાજેતરમાં અંટાળીયા ગામની વિશેષ મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન તેઓ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણના નિવાસસ્થાને ગયા હતા અને



તેમની સાથે સંગઠનના કાર્યો અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ તેમણે પ્રખ્યાત અંટાળીયા મહાદેવ મંદિરે જઈને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક અને સંગઠનાત્મક મુલાકાતમાં તેમની સાથે સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડૉ.જી.જે.ગજેરા, વિઠ્ઠલભાઈ માદળિયા, નિલેશભાઈ સોલંકી, રમેશભાઈ વેકરિયા તેમજ લીલીયા તાલુકાના મહામંત્રી સહિત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અનેક અગ્રણીઓ અને કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

# જન ગણના-૨૦૨૭: અમરેલીમાં ઓનલાઈન સ્વ-ગણતરી શરૂ


અમરેલી,તા.૨૧

વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જન ગણતા – ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરીપ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. હવે જન ગણનામાં સહભાગી થવું વધુ સરળ, સ્માર્ટ અને સુવિધાજનક બન્યું છે. નાગરિકો જાતે કોમ્પ્યુટર કે મોબાઈલ પર જ ઓનલાઈન સ્વ-ગણતરીમાં ભાગ લઈ શકે છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા માહિતી કચેરી અમરેલીના કર્મયોગીઓએ સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી છે.અમરેલી જિલ્લાના નાગરિકો ૩૧ મે, ૨૦૨૬ સુધી રોજના ૨૪ કલાક, દેશના કોઈપણ ખૂણેથી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો. અથવા કમ્પ્યુટર દ્વારા ઘેર બેઠા જ થોડી જ મિનિટોમાં આપના વર્તમાન રહેઠાણ તથા પરિવારની વિગતો સરળતાથી નોંધી શકાશે.

# બેલા ખાતે યોજાયેલા NCC કેમ્પમાં અમરેલીની મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમરેલી,તા.૨૧

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત કાબરીયા આર્ટસ, વઘાસીયા કોમર્સ, ભગત સાયન્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ NCC કેમ્પમાં ગૌરવપૂર્ણ સિધ્ધિ હાસલ કરી છે. લોક નિકેતન ટ્રસ્ટ હાઈસ્કુલ, બેલા ખાતે તારીખ ૦૬/૦૫/૨૦૨૬ થી



૧૫/૦૫/૨૦૨૬ દરમિયાન NCC - CATC કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ કેમ્પની વિવિધ સ્પર્ધાઓમાં કાબરીયા આર્ટસ, વઘાસીયા કોમર્સ અને ભગત સાયન્સ મહિલા કોલેજ, અમરેલીની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ડ્રામા સ્પર્ધા, ગાર્ડ ઓફ હોનર અને પબ્લિક સ્પીચમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ ઉપરાંત, બેસ્ટ કેડેટ સ્પર્ધામાં દ્વિતીય અને તૃતીય સ્થાન હાંસલ કરીને સંસ્થાનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું છે.

# અમરેલીમાં મહિલાઓ માટે તા.૨૧ના રોજ રોજગાર ભરતી મેળો

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાની ઉત્સાહી મહિલા રોજગાર ઈચ્છુકોને આજીવિકાની ઉત્તમ તક પૂરી પાડવા માટે આગામી ૨૧ મે ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આલ્ફા ઓટો લીન્ક (નેક્સા), લાઠી રોડ, અમરેલી ખાતે એક ખાસ ભરતી મેળો યોજાશે. અગ્રગણ્ય એકમ આલ્ફા ઓટો લીન્ક એલએલપી માટે યોજાનારા આ મેળામાં ૨૦ થી ૪૦ વર્ષની વય ધરાવતી તેમજ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા મિકેનીક, આઈ.ટી.આઈ. કે ટેલીની લાયકાત ધરાવતી મહિલાઓ ભાગ લઈ શકશે. આ ભરતી મેળાનો લાભ લેવા માટે ઉમેદવારોએ સરકારના સત્તાવાર અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. જો કે જે ઉમેદવારોએ અગાઉ નોંધણી નથી કરાવી તેઓ પણ જરૂરી શૈક્ષણિક દસ્તાવેજો અને ઓળખપત્ર સાથે સીધા નિયત સ્થળે હાજર રહીને આ પ્રક્રિયામાં જોડાઈ શકે છે.

# બ્રહ્માકુમારી દ્વારા બાળકો માટે આધ્યાત્મિક સમર કેમ્પનું આયોજન

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં સ્ટેશન રોડ પર મહાજન પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે આગામી ૨૨થી ૨૪ મે દરમિયાન એક વિશેષ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૫થી ૧૫ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને આ કેમ્પમાં જ્ઞાન સાથે ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ, પઝલ, બ્રેઈન ગેમ્સ તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પ્રાણાયામ અને યોગાસન જેવી વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ આધ્યાત્મિક સમર કેમ્પ અંગેની વધુ માહિતી મેળવવા અથવા રજીસ્ટ્રેશન કરાવવા માટે રસ ધરાવતા વાલીઓ મોબાઈલ નંબર ૮૮૪૯૧-૭૮૪૫૮ પર સંપર્ક કરી શકે છે.

## જાળીયા ગામેથી યુવતી રાત્રે ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા. ૨૧

અમરેલીના જાળીયા ગામેથી એક યુવતી રાત્રે ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે પરેશભાઈ બાબુભાઈ સાંગાણીએ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી અર્ષિતાબેન સાંગાણી (ઉ.વ. ૨૧) રાત્રિના બે વાગ્યા આસપાસ ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

# જિલ્લામાંથી અડધો ડઝન શરાબી ઝડપાયા

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી છ શરાબીને પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી લીધા હતા. વંડા, જામકા, મોટા જીંજુડા, અમરેલી, નાગેશ્રી અને વાવડી ગામેથી એક-એક મળી કુલ છ ઈસમો પકડાયા હતા. ડુંગર રેલવે ફાટક પાસેથી ૨ લીટર તથા ચાપાથળ ગામેથી ૨ લીટર મળી કુલ ૪ લીટર પીવાનો દેશી દારૂ કબ્જે કરાયો હતો.





















## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૧૪/૨૦૨૬

અરજદાર :- શ્રી મહેશભાઈ બાલુભાઈ લુણાગરીયા
રહે.બીએલડી-એ ૬૦૪, મધુસૂદન હોમ, રોયલ રેસીડેન્સી પાસે,
મોટા વરાછા, સુરત. તા.જી. સુરત
અરજદારના વિ.વકીલ હરિલાલ આર. પરમાર

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.લાપાળીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના લાપાળીયા ગામમાં અરજદાર શ્રી મહેશભાઈ બાલુભાઈ લુણાગરીયાએ તેઓની પોતાની જન્મ (તા.૦૬/૧૨/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૫/૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬

વિવાદી :- **શ્રી અનકભાઈ રામભાઈ માંજરીયા**
**રહે.લુવારીયા, તા.લાઠી જી. અમરેલી**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી સચીન જી. મહેતા**
**રહે.વ્હાઈટ હાઉસ બીજો માળ, બસ સ્ટેશન સામે,**
**અમરેલી, મો.૯૯૭૪૦ ૪૮૪૭૦**

**- //વિરૂધ્ધ//-**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.લુવારીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લુવારીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાનું આઈબેન રામભાઈ માંજરીયાનો મરણ તા.૨૮/૦૫/૧૯૮૫ ના રોજ લુવારીયા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ-નં.126/2026

પ્રતિ,
શ્રી હલુબેન હસનભાઈ મન્સુરી,
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તા.નવાબંદર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુંજાવર ગની માર્કેટ,
સહજાનંદ કોમ્પલેક્સ, બીજો માળ, દુકાન નં.૧૦ ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ હસનભાઈ ઈબ્રાહીમ મન્સૂરી તથા હલુબેન હસનભાઈ મન્સુરીના પુત્રી રૂકશાના હસનભાઈ મન્સૂરીનો જન્મ તા.01/01/1973 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, નવાબંદર, તાલુકો-ઉના સને-1973 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# પૂર્વ મંત્રી બાવકુ ઊંધાડના પ્રયાસો અને પીએમ મોદીની નેધરલેન્ડ મુલાકાતથી કલ્પસર પ્રોજેક્ટને મળી નવી ગતિ

અમરેલી,તા.૨૦

ગુજરાતના મહત્વકાંક્ષી કલ્પસર પ્રોજેક્ટને ફરી એકવાર નવો વેગ મળ્યો છે. પૂર્વ કેબિનેટ મંત્રી અને ખેડૂત નેતા બાવકુ ઊંધાડ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સતત કરવામાં આવેલી રજૂઆતો રંગ લાવી છે. નર્મદા અને કલ્પસર વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં આ પ્રોજેક્ટના અહેવાલની જવાબદારી ચેન્નઈની 'નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ' (NCCR) સંસ્થાને સોંપવામાં આવી છે. આ સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની નેધરલેન્ડ મુલાકાત અને ત્યાંના અફસ્લુટડાઈક બંધની આધુનિક ટેક્નોલોજીના નિરીક્ષણ બાદ આ ડ્રિમ પ્રોજેક્ટ સાકાર થવાની આશા પ્રબળ બની છે. જો ભાવનગરના ઘોઘાથી દહેજ વચ્ચે અંદાજે ૩૦ કિલોમીટર લાંબો ડેમ



અને વિશાળ જળાશય બનશે, તો સૌરાષ્ટ્ર અને સુરત વચ્ચેનું અંતર ઘટશે. આ યોજનાના સફળ

**કલ્પસર યોજના એ સૌરાષ્ટ્ર માટે આશાનું નવું કિરણ**

અમલીકરણથી સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ખેતી, સિંચાઈ, ઉદ્યોગો અને જળ પરિવહન ક્ષેત્રે વિકાસની નવી તકો ઊભી થશે, જેનાથી આ પછાત ગણાતા વિસ્તારમાં આર્થિક ક્રાંતિ આવશે.

# લીલીયા મોટા મામલતદાર ઓફિસમાં પીવાના શુધ્ધ પાણીની વિકટ સમસ્યા

**પીવાના પાણીની સમસ્યાથી કર્મચારીઓ અને અરજદારો ભારે પરેશાન**

લીલીયા મોટા, તા. ૨૧

લીલીયા મોટા મામલતદાર ઓફિસ હેઠળ ૩૭ ગામોનો સમાવેશ થાય છે, જ્યાં દરરોજ મોટી સંખ્યામાં અરજદારો રેશનકાર્ડ, આધાર કાર્ડ, આવકના દાખલા અને જમીનના દસ્તાવેજો જેવા વિવિધ કાર્યો માટે આવે છે. પરંતુ, આ કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષથી પીવાના પાણીની કોઈ સુવિધા જ નથી. આ અંગે અમરેલી કલેક્ટર ઓફિસને લેખિત અને રૂબરૂ રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી, જેથી કર્મચારીઓ પોતાના ખર્ચે પાણીના કેરબા મંગાવવા મજબૂર બન્યા છે.



તાજેતરમાં સ્ટોક હોલ્ડિંગ્સ કોર્પોરેશન દ્વારા એક વોટર કુલર દાનમાં આપવામાં આવ્યું છે, પરંતુ બિલ્ડિંગની ઉપરની ટાંકી વર્ષોથી સાફ થઈ નથી અને સરકાર દ્વારા વોટર ફિલ્ટર અપાયું નથી. ફિલ્ટર વિનાના આ અસ્વચ્છ પાણીના કારણે રોગચાળો ફેલાવવાનો ગંભીર ભય ઊભો થયો છે. આથી, વહેલી તકે શુધ્ધ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી અરજદારો અને સ્ટાફની ઉગ્ર માંગ છે.

# રાજુલામાં વિદ્યાર્થિનીની છેડતી કરી ફોટા વાયરલ કરવાની ધમકી અપાઈ

રાજુલા, તા. ૨૧

રાજુલામાં રહેતી એક વિદ્યાર્થિનીની એક યુવકે છેડતી કરી હતી તેમજ તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ અંગે પીડિતાએ સાહીદ અબ્દુલભાઈ ચાવડા નામના યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ પીડિતા સાથે ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ, ફેસબુક તેમજ સ્નેપચેટમાં વાતચીત કરી હતી. જે બાદ તેના અશ્લીલ ફોટા મેળવી લઈ તેને પાર્કિંગમાં મળવા બોલાવી હતી. ત્યાં તેની એકલતાનો ગેરલાભ લઈ આરોપીએ શારીરિક અડપલાં કરી જાતીય સતામણી કરી હતી તેમજ ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કાલોદરા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી એલ.સી.બી. દ્વારા ઈસમની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ધકેલાયો

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને પ્રોહિબિશનના ગુનાઓ રોકવા માટે પોલીસ તંત્ર દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત એક બુટલેગર સામે પાસા (PASA) હેઠળ પગલાં લેવાયાં છે. એક કેસમાં અમરેલી એલ.સી.બી.એ જિલ્લામાં પ્રોહીબિશન સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી હતી.અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટે આ પાસા



અંગેની દરખાસ્ત માન્ય રાખતા, સંબંધિત ઈસમને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે. પાસા હેઠળ અટકાયત કરાયેલ ઈસમ લલીત ઉર્ફે લાલો પરશોતમભાઈ જમોડ છે.

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પાસા દરખાસ્ત મંજૂર; સાવરકુંડલાના મૂળ વતની સામે કાર્યવાહી**

# લીલીયા પંથકમાંથી જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડતી પોલીસ

લીલીયા, તા. ૨૧

લીલીયા પંથકમાંથી પોલીસે ૫ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. ડાંગ ઈંગોરાળા ગામના યુસુફભાઈ ફલજીભાઈ કુરેશી, શીવરામભાઈ ગણપતભાઈ દુધરેજીયા, ગોબરભાઈ અરજણભાઈ ચૌહાણ, અલારખભાઈ પીરૂભાઈ કુરેશી તથા બવાડા ગામના ઘનશ્યામભાઈ બચુભાઈ રાઠોડ જાહેરમાં

**પોલીસે જુગાર સ્થળેથી રૂ.૧૧,૨૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૧,૨૪૦ સાથે ઝડપાયા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં અકસ્માતની પાંચ ઘટનામાં બે લોકોનાં મોત

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં અકસ્માતની વિવિધ પાંચ ઘટના બની હતી. જેમાં બે લોકોનાં મોત થયા હતા. રાંદલના દડવા ગામે રહેતા રાજુભાઈ રામભાઈ બાંભવા (ઉ.વ.૪૦)એ ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ મરણજનાર પ્રફુલભાઈ રામભાઈ બાંભવા (ઉ.વ.૩૬) તથા સાહેદ વશરામભાઈ ગેલાભાઈ બાંભવા બન્ને મોટરસાયકલ લઈ વિરનગરથી રાંદલના દડવા જતા હતા.રાજકોટ ભાવનગર હાઈવે ઉપર કોટડાપીઠા ગામ પાસે આવેલ કર્ણુકી ગામના પાટીયા પાસે પહોંચતા સામેથી આવેલી ફોર વ્હીલના ચાલક મિજાનભાઈ ફુલાણીએ ટક્કર મારી હતી. જેમાં તેમના ભાઈનું મોત થયું હતું. અકસ્માતના બીજા બનાવ અંગે રાજુલાના નિંગાળા-૧ ગામે રહેતા પ્રવિણભાઈ લાખાભાઈ સોલંકી (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તેમના મોટાભાઈ શાંતીભાઈ નીંગાળા-૦૧ ગામેથી રાજુલા ખરીદી કરવા પોતાની મોટરસાયકલ લઈને જતા હતા. આ સમયે મોટરસાયકલ પરનો કાબુ ગુમાવતા ડીવાઈડર સાથે અથડાયું હતું. કપાળના ભાગે ગંભીર ઈજા થતા સારવારમાં લાવતા મરણ પામ્યા હતા. ત્રીજા બનાવમાં અમેરલીમાં રહેતા જીવનભાઈ પુનાભાઈ પરમાર (ઉ.વ.૩૧) એ ડમ્પર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની કાર્ગો રીક્ષામાં ગળથ બરવાળાથી ભાડું ભરીને અમરેલી આવતા હતા ત્યારે આંકડીયા ગામથી આગળ ગૌશાળાથી અમરેલી તરફ અડધો કિ.મી. પહોંચતા પાછળથી આવેલો ડમ્પર ચાલક ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. લુણાવાડાના ભીમપુર ગામે રહેતા કાંતિભાઈ કાનાભાઈ બારીયા (ઉ.વ.૫૦) એ જય ખોડીયાર ટ્રાવેલ્સ લકઝરી બસના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, વરસડા ગામે સદગુરૂ નગરના પાટીયા સામે તેમના ભાઈ પાણીનો વાલ ખોલવા ચાલીને જતા હતા ત્યારે બસ ચાલકે અડફેટે લેતાં કપાળ, છાતી, ડાબા પગમાં ઈજા થઈ હતી. અકસ્માત સર્જી બસ ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની છઠ્ઠી ઘટનામાં પાડરશીંગા ગામે રહેતા લક્ષ્મણભાઈ નાથાભાઈ બોળીયા (ઉ.વ.૨૦)એ કાર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેના નાનાભાઈ બળવંતભાઈ મોટરસાયકલ લઈને દામનગરથી પાડરશીંગા પોતાના ઘરે જતા હતા ત્યારે કુંભનાથ મહાદેવ મંદિર પાસે આવેલી ગૌશાળા નજીક કાર ચાલકે ટક્કર મારી હતી. જેમાં ગંભીર ઈજા પહોંચી હતી.

# અમરેલીમાં મુસ્લિમ સમાજના કબરસ્તાન માટે રૂ.૫ લાખની ગ્રાન્ટ મંજૂર કરતા સાંસદ શક્તિસિંહ ગોહિલ

અમરેલી,તા.૨૧

અમરેલી નગરપાલિકાના સભ્ય રાજુભાઈ અહેમદભાઈ બિલખીયાની રજૂઆત બાદ રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા અમરેલી શહેરના વિકાસ કાર્યો માટે પોતાની સાંસદ સભ્યની ગ્રાન્ટમાંથી ફાળવણી કરવામાં આવી છે. શક્તિસિંહ ગોહિલે અમરેલીના જિલ્લા આયોજન અધિકારીને એક સત્તાવાર પત્ર



પાઠવીને મુસ્લિમ સમાજના કબરસ્તાનની સુરક્ષા માટે ગ્રાન્ટ મંજૂર કરી છે.પત્રમાં જણાવ્યા અનુસાર, અમરેલી શહેરના જેસિંગપરા વિસ્તારમાં આવેલા સમસ્ત મુસ્લિમ સમાજના કબરસ્તાનની ફરતે પ્રોટેક્શન દીવાલ (બાઉન્ડ્રી વોલ) બનાવવાના કામ માટે રૂ. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.સાંસદ દ્વારા સંબંધિત ઈમ્પ્લીમેન્ટિંગ એજન્સી આ કામ સત્વરે પૂર્ણ કરે અને તેની ગુણવત્તા બરાબર જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપવા વિનંતી કરાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ, સાતમ
તા.૨૨-૦૫-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૫-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. વિવાદની પરિસ્થિતિ ટાળો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# બાબરાના લુણકી અને હાથીગઢ ગ્રામ પંચાયતના પૂર્વ તલાટી કમ મંત્રી સહિત ૩ સામે સરકારી નાણાંની ઉચાપતની ફરિયાદ

બાબરા, તા.૨૧

બાબરાના લુણકી અને હાથીગઢ ગ્રામ પંચાયતના પૂર્વ તલાટી કમ મંત્રી સહિત ૩ સામે ૨૪.૯૭ લાખની સરકારી નાણાંની ઉચાપતની ફરિયાદ નોંધાઈ છે. ભાવનગરના શિહોર તાલુકાના ખોડિયાર રાજપરાના અને હાલ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા અભિષેકભાઈ ખાટાભાઈ ડાંગર (ઉં.વ. ૨૫)એ પૂર્વ તલાટી કમ મંત્રી એસ. આર. પટેલ તથા બેંક ઓફ બરોડાના ખાતાધારક ગોવિંદભાઈ વિ. પટેલ અને ગીતાબેન પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી.એસ. આર. પટેલે તા. ૨૫/૦૬/૨૦૧૮ થી તા. ૨૦/૦૮/૨૦૨૩ સુધી લુણકી-હાથીગઢ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવી હતી. તેમની ફરજ દરમિયાન લુણકી તથા હાથીગઢ ગ્રામ પંચાયતના બેંક ઓફ બરોડાના સેવિંગ ખાતામાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ જમા થઈ હતી. તેમાંથી તેમણે લુણકી ગ્રામ પંચાયતના ખાતામાંથી રૂ. ૧૯,૪૮,૩૫૪ તથા હાથીગઢ ગ્રામ પંચાયતના ખાતામાંથી રૂ. ૫,૪૯,૪૧૨ મળી કુલ રૂ. ૨૪,૯૭,૭૬૬ની રકમના સરકારી નાણાંની પોતાના અંગત ફાયદા કે ઉપયોગ માટે ઉચાપત કરી હતી.૧૫માં નાણાપંચના જરૂરી રજિસ્ટર તથા ફાઈલો પણ સાથે લઈ ગયા હતા.આ ઉચાપત કરેલા નાણાં આરોપી નં. ૨ અને ૩ના ખાતામાં નાખી, તે બંને આરોપીઓએ નાણાં ઉપાડી લઈ આરોપી નં. ૧ને ગુનો કરવામાં મદદગારી કરી સરકારી નાણાંની ઉચાપત કરી હોવાની વિગત ફરિયાદમાં જાહેર થઈ છે.

# ખાંભા તાલુકામાં સંચાલક કમ કુકની જગ્યાઓ માટે અરજી કરવી

ખાંભા,તા.૨૧

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાની વિવિધ ૨૪ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક કમ કુકની ખાલી જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી તારીખ ૩૦ મે, ૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં અરજીઓ મંગાવવામાં આવી છે. અરજી કરનાર ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૬૦ વર્ષની વચ્ચે હોવી અનિવાર્ય છે. પસંદગી પામેલા ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર માસિક માનદ વેતન મળવાપાત્ર રહેશે.નિયત અરજી પત્રક સરકારી સમય દરમિયાન ખાંભા મામલતદાર કચેરી અથવા જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, અમરેલી ખાતેથી મેળવી ભરેલું ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે નિયત સમય મર્યાદામાં મામલતદાર કચેરી ખાંભા ખાતે જમા કરાવવાનું રહેશે. આ ભરતી પ્રક્રિયામાં સ્થાનિક રહેવાસી અને મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

# અમરેલીમાં રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા ભાગવત કથાનું આયોજન

અમરેલી,તા.૨૧

અમરેલીના રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા રામવાડી ખાતે પૂજ્ય ભક્તિબાપુ (માનવ મંદિર-સાવરકુંડલાવાળા)ની ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. કથાના બીજા દિવસે ભક્તિબાપુએ રાજા પરીક્ષિતની વાતો કરી હતી. આ કથામાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગીત-ભજન, રાસ ગરબા અને જ્ઞાન સાથે ભાગવતના દ્રષ્ટાંતો સાથે આ કથામાં ચલાલા દાનબાપુની જગ્યામાંથી કેટલાક બહેનો મહેમાન તરીકે ઉપસ્થિત થયા



હતા. પ્રસિધ્ધ રામાયણ કથાકાર પૂજ્ય રવિરામ બાપુ હરિયાણીની પણ ખાસ ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે ભક્તિબાપુના શિષ્ય મનિષાદીદી અને દક્ષાદીદી એ પણ ભક્તિબાપુના આશીર્વાદ લઈ કથા શ્રવણ કર્યું હતું. સર્વ પિતૃ મોક્ષાર્થે આયોજિત ભાગવત કથામાં બીજા દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં બહારથી મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના ધાવડિયા ગામે મહિલાને માથામાં પાવડાના હાથાનો ઘા ઝીંકાયો

ખાંભા, તા. ૨૧

ખાંભાના ધાવડિયા ગામે એક મહિલાને માથામાં પાવડાના હાથાનો ઘા મારવામાં આવ્યો હતો, તેમજ વાળ પકડી નીચે પછાડી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો.

આ અંગે અંજુબેન પ્રવીણભાઈ દાફડા (ઉ.વ. ૨૯) એ રવજીભાઈ ખોડાભાઈ દાફડા, ખોડાભાઈ ભીખાભાઈ દાફડા અને જસુબેન ખોડાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેઓ ઘરે હતા ત્યારે રવજીભાઈ ખોડાભાઈ દાફડાએ આવીને અપશબ્દો બોલી માથાના ભાગે પાવડાના હાથાનો એક ઘા માર્યો હતો. જ્યારે અન્ય આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ મહિલાને વાળ પકડી નીચે પછાડી દીધા હતા અને શરીરે ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો.

આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**વાળ પકડી નીચે પછાડી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો**

**તંત્રી લેખ**


# ડિજિટલ યુગની નવી આફત: બાયોમેટ્રિક સ્કેમ


ટેકનોલોજી જેટલી ઝડપથી આગળ વધી રહી છે, એટલી જ ઝડપથી ગુનેગારો પણ છેતરપિંડીના નવા રસ્તાઓ શોધી રહ્યા છે. આજના ડિજિટલ યુગમાં હવે માત્ર સાવચેત રહેવું પૂરતું નથી, પરંતુ સમજદારીપૂર્વક વર્તવું પણ એટલું જ જરૂરી બની ગયું છે. તાજેતરમાં સોશિયલ મીડિયા અને જાહેર વર્તુળોમાં એક નવા પ્રકારના સ્કેમની ચર્ચા થઈ રહી છે, જે સામાન્ય છેતરપિંડી કરતાં ઘણો વધુ ખતરનાક માનવામાં આવે છે. આ સ્કેમમાં ગુનેગારોને તમારા બેંક પાસવર્ડ, ઓટીપી અથવા ખાતાની વિગતોની જરૂર પડતી નથી. તેઓ માત્ર તમારી માનવતા, દયાળુ સ્વભાવ અને સહાય કરવાની ભાવનાનો દુરુપયોગ કરે છે.આ છેતરપિંડી સામાન્ય રીતે મોલ, મેટ્રો સ્ટેશન, બજાર અથવા અન્ય ગીચ જાહેર સ્થળોએ જોવા મળે છે. સ્કેમર્સ પોતાને ભોળા, સજ્જન અથવા વયોવૃધ્ધ વ્યક્તિ તરીકે રજૂ કરે છે જેથી લોકો તેમને સહેલાઈથી વિશ્વાસ કરી લે. તેઓ મદદ માગતા કહે છે કે તેમને નવો સ્માર્ટફોન વાપરતા નથી આવડતો, કોઈ સરકારી યોજના તપાસવી છે અથવા ફોનમાં કોઈ પેજ બંધ થતું નથી. આવી સ્થિતિમાં મોટાભાગના લોકો માનવતાના ભાવથી મદદ કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ ખરો ખતરો એ જ ક્ષણથી શરૂ થાય છે જ્યારે આપણે અજાણ્યા વ્યક્તિનો ફોન હાથમાં લઈએ છીએ.આ ફોનમાં ઘણીવાર પહેલેથી વીડિયો કોલ ચાલુ હોય છે અથવા સ્ક્રીન રેકોર્ડિંગ અને ફેશિયલ રિકગ્નિશનની પરવાનગી સક્રિય કરવામાં આવેલી હોય છે. ફોનની બીજી તરફ બેઠેલો ગુનેગાર આપણો ચહેરો, અવાજ અને હાવભાવ રેકોર્ડ કરી રહ્યો હોય છે. આપણે એવું માનીએ છીએ કે આપણે કોઈ મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિની મદદ કરી રહ્યા છીએ, પરંતુ વાસ્તવમાં આપણી બાયોમેટ્રિક માહિતી ચોરી થઈ રહી હોય છે. આ માહિતીમાં ચહેરાની ઓળખ, અવાજ અને ક્યારેક ફિંગરપ્રિન્ટ પણ સામેલ હોઈ શકે છે.આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી એટલી અદ્યતન બની ગઈ છે કે થોડા જ સેકન્ડના વિડિયો અને અવાજના આધારે કોઈપણ વ્યક્તિનો ડીપફેક તૈયાર કરી શકાય છે. સ્કેમર્સ આપણા ચહેરા અને અવાજની ડિજિટલ નકલ બનાવીને વિવિધ ઓનલાઈન લોન એપ્લિકેશન, કન્ઝ્યુમર ફાઈનાન્સિંગ અને અન્ય નાણાકીય સેવાઓમાં અરજી કરે છે. ચહેરા અને અવાજ આધારિત વેરિફિકેશન સિસ્ટમ પણ આ ડીપફેક સામે ઘણીવાર નિષ્ફળ સાબિત થાય છે. પરિણામે થોડા જ સમયમાં વ્યક્તિના નામે લાખો રૂપિયાની લોન મંજૂર થઈ જાય છે.સૌથી ભયાનક બાબત એ છે કે શરૂઆતમાં વ્યક્તિને આ છેતરપિંડીની જાણ પણ થતી નથી. કારણ કે પૈસા સીધા બેંક ખાતામાંથી કપાતા નથી, તેથી કોઈ શંકા પણ થતી નથી. પરંતુ થોડા દિવસો બાદ બેંકો અને ફાઈનાન્સ કંપનીઓ તરફથી હપ્તા ભરવાની નોટિસો આવવા લાગે છે ત્યારે ખબર પડે છે કે પોતાનું નામ અને ઓળખનો ગેરવપરાશ થયો છે. આ સ્થિતિ વ્યક્તિને આર્થિક તેમજ માનસિક રીતે ભારે નુકસાન પહોંચાડી શકે છે.આવા સ્કેમથી બચવા માટે હવે લોકોમાં નવી પ્રકારની જાગૃતિ લાવવાની જરૂર છે. જાહેર સ્થળોએ અજાણ્યા વ્યક્તિનો ફોન હાથમાં લેવાનું ટાળવું જોઈએ. જો કોઈ ખરેખર મુશ્કેલીમાં હોય તો તેને નજીકના પોલીસ કર્મચારી, સિક્યુરિટી ગાર્ડ અથવા સત્તાવાર હેલ્પડેસ્ક સુધી પહોંચાડવો વધુ સુરક્ષિત વિકલ્પ છે. અજાણ્યા વીડિયો કોલ સ્વીકારવા નહીં, કેમેરા સામે અજાણતાં કશું બોલવું નહીં અને કોઈ અજાણી સ્ક્રીન પર ક્લિક ન કરવું જેવી સાવચેતીઓ હવે અત્યંત જરૂરી બની ગઈ છે.આજના સમયમાં ગુનેગારો લોકોના વિશ્વાસ અને દયાળુ સ્વભાવને પોતાનું સૌથી મોટું હથિયાર બનાવી રહ્યા છે.

# ઇટાલીના લોકપ્રિય મહિલા વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની એટલે પ્રબળ પુરુષાર્થની ગાથા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિશ્વ રાજકારણમાં જ્યારે મહિલા વડાપ્રધાનોની ચર્ચા થાય છે ત્યારે સૌપ્રથમ ભારતની સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી અને ઇઝરાયલની ગોલ્ડા મેયર જેવા દિગ્ગજ નેતાઓ યાદ આવે છે. પરંતુ વર્તમાન વૈશ્વિક રાજકારણમાં એક એવું નામ છે, જે આજે માત્ર પોતાના દેશ પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ સમગ્ર વિશ્વમાં લોકપ્રિયતાના શિખરે પહોંચ્યું છે. આ નામ છે ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીનું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર તેમની ચર્ચા સતત વધી રહી છે અને વિશ્વભરમાં તેઓ સૌથી વધુ સર્ચ થનારા રાજકીય નેતાઓમાં સ્થાન મેળવી રહ્યા છે.આધુનિક વૈશ્વિક રાજકારણ હવે માત્ર સરહદો, વેપાર સંધિઓ કે રાજદ્વારી બેઠકોથી મર્યાદિત નથી રહ્યું. આજના યુગમાં દેશોના નેતાઓ વચ્ચેનો પરસ્પર આદર, માનવીય સંબંધો અને સાંસ્કૃતિક જોડાણો પણ એટલાં જ મહત્વપૂર્ણ બની ગયા છે. તાજેતરમાં ઈટાલીની રાજધાની રોમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની વચ્ચે થયેલી મુલાકાત એ જ વાતને સાબિત કરે છે. આ મુલાકાતે માત્ર રાજકીય સંબંધોને જ નહીં, પરંતુ બંને દેશોની જનતા વચ્ચેની નજીકતાને પણ નવી દિશા આપી છે.રોમના ઐતિહાસિક વાતાવરણમાં યોજાયેલી આ મુલાકાતે વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું. કોલોઝિયમ જેવી ઐતિહાસિક ધરોહરની પૃષ્ઠભૂમિમાં બંને નેતાઓ વચ્ચે થયેલી મુલાકાતને સોશિયલ મીડિયામાં વિશાળ પ્રતિસાદ મળ્યો. જ્યોર્જિયા મેલોનીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વડાપ્રધાન મોદી સાથેની તસવીર શેર કરતાં "રોમમાં આપનું સ્વાગત છે, મારા મિત્ર" જેવા શબ્દો લખ્યા, જે વિશ્વભરમાં ચર્ચાનો વિષય બન્યા. આ પોસ્ટ માત્ર રાજકીય શિષ્ટાચાર પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે બે મહાન સંસ્કૃતિઓ વચ્ચેના વિશ્વાસ અને મિત્રતાનું પ્રતીક બની ગઈ.આ સમગ્ર મુલાકાતનો સૌથી રસપ્રદ અને લોકચર્ચિત ભાગ 'મેલોડી' ટોફી સાથે જોડાયેલો રહ્યો. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર નરેન્દ્ર મોદી અને જ્યોર્જિયા મેલોનીના નામને જોડીને 'મેલોડી' નામના અનેક મીમ્સ વાયરલ થયા હતા. આ લોકપ્રિય મીમ્સને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન મોદીએ મેલોનીને ભારતની પ્રખ્યાત 'મેલોડી' ટોફી ભેટ આપી. આ નાનકડા પરંતુ ભાવનાત્મક ક્ષણે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું. બંને નેતાઓ હસતાં મુખે આ ભેટનો સ્વીકાર કરતાં દેખાયા અને તે વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો. આ ઘટનાએ દર્શાવ્યું કે આધુનિક




રાજદ્વારી માત્ર ગંભીર ચર્ચાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં માનવીય લાગણીઓ અને જનભાવનાઓનું પણ વિશેષ સ્થાન છે.જ્યોર્જિયા મેલોનીનું જીવન સંઘર્ષ અને આત્મવિશ્વાસનું જીવંત ઉદાહરણ છે. ઈટાલીના ઈતિહાસમાં પ્રથમ મહિલા વડાપ્રધાન બનનાર મેલોનીનો જન્મ પાંચ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ રોમના સામાન્ય શ્રમિક વર્ગ વિસ્તારમાં થયો હતો. બાળપણમાં જ તેમના પિતાએ પરિવારનો સાથ છોડી દીધો હતો. મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમની માતાએ એકલા હાથે પરિવારનું પાલનપોષણ કર્યું. આ સંજોગોએ મેલોનીને બાળપણથી જ મજબૂત અને જવાબદાર બનાવ્યા.આર્થિક મુશ્કેલીઓને કારણે તેમણે યુવાનીમાં અનેક નાના-મોટા કામો કર્યા હતા. નાઈટક્લબમાં બારટેન્ડર તરીકે કામ કરવાથી લઈને વિવિધ નોકરીઓ દ્વારા તેમણે પોતાના પરિવારને સહારો આપ્યો. આ સંઘર્ષોએ તેમના વ્યક્તિત્વને વધુ મજબૂત બનાવ્યું અને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી. આજના સમયમાં જ્યારે તેઓ વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતાઓમાં ગણાય છે ત્યારે તેમનો આ સંઘર્ષભર્યો ભૂતકાળ અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે.માત્ર પંદર વર્ષની વયે જ્યોર્જિયા મેલોનીએ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. યુવાનીથી જ તેઓ જમણેરી વિચારધારા સાથે જોડાયા અને પોતાના વક્તૃત્વ તથા સંગઠનશક્તિના કારણે ઝડપથી લોકપ્રિય બન્યા. વર્ષ ૨૦૦૬માં તેઓ પ્રથમ વખત ઈટાલીની સંસદમાં ચૂંટાઈ આવ્યા. ત્યારબાદ પૂર્વ વડાપ્રધાન સિલ્વિયો બર્લુસ્કોનીની સરકારમાં યુવા બાબતોના મંત્રી તરીકે તેમણે મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી. તે સમય દરમિયાન તેઓ ઈટાલીના સૌથી યુવા મંત્રીઓમાં સામેલ હતા.વર્ષ ૨૦૧૨માં મેલોનીએ 'બ્રધર્સ ઓફ ઈટાલી' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી. શરૂઆતમાં નાનો ગણાતો આ પક્ષ ધીમે ધીમે ઈટાલીની સૌથી શક્તિશાળી રાજકીય શક્તિઓમાં સામેલ થયો. મેલોનીએ રાષ્ટ્રવાદ, સાંસ્કૃતિક ઓળખ અને જનહિતના મુદ્દાઓને મજબૂત રીતે રજૂ કર્યા. તેમના પ્રખર ભાષણો અને સ્પષ્ટ વિચારોને કારણે સામાન્ય લોકોમાં તેમની લોકપ્રિયતા ઝડપથી વધી. આખરે વર્ષ ૨૦૨૨માં તેઓ ઈટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા અને ઈતિહાસ રચ્યો.સત્તાના સર્વોચ્ચ સ્થાન પર પહોંચ્યા પછી પણ જ્યોર્જિયા મેલોનીએ સાદગી અને પારદર્શિતાને પોતાના જીવનનો આધાર બનાવ્યો છે. તેઓ વૈભવી જીવનશૈલીથી દૂર રહે છે અને સામાન્ય જનતા સાથે જોડાયેલા રહેવાનો પ્રયાસ કરે છે. વડાપ્રધાન અને લાંબા સમયથી સંસદ સભ્ય તરીકે તેમને મળતી આવક જાહેર જીવનમાં તેમની પારદર્શિતાનું પ્રતિબિંબ છે. આ કારણે સામાન્ય લોકોમાં તેમના પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.મેલોનીનું અંગત જીવન પણ અનેક પડકારોથી ભરેલું રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં કેટલાક વિવાદો બાદ તેમણે પોતાના લાંબા સમયના જીવનસાથી અને ટીવી પત્રકાર એન્ડ્રીયા ગિઆમ્બ્રુનોથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ તેમણે પોતાની પુત્રી ગિનેવરાની જવાબદારી એક સિંગલ મધર તરીકે નિભાવી છે. આ ઘટના દર્શાવે છે કે તેઓ માત્ર રાજકીય નેતા જ નહીં, પરંતુ આત્મસન્માન અને સ્વાભિમાનથી જીવતી મજબૂત સ્ત્રી પણ છે.ભારત અને ઈટાલી વચ્ચે વધતી નજીકતા આગામી સમયમાં બંને દેશો માટે અત્યંત લાભદાયી સાબિત થઈ શકે છે. વેપાર, ટેક્નોલોજી, સુરક્ષા, શિક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહકાર વધવાની શક્યતાઓ વધુ મજબૂત બની રહી છે. સમગ્ર ઘટનાક્રમ પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે જ્યોર્જિયા મેલોનીનું વ્યક્તિત્વ માત્ર રાજકીય નેતા પૂરતું મર્યાદિત નથી. તેઓ સંઘર્ષ, આત્મવિશ્વાસ, પારદર્શિતા અને મજબૂત નેતૃત્વનું પ્રતીક બની ચૂક્યા છે. ગરીબી, કૌટુંબિક મુશ્કેલીઓ અને સામાજિક પડકારો વચ્ચે પણ જો મનોબળ મજબૂત હોય તો વ્યક્તિ વિશ્વસ્તરે પોતાનું સ્થાન બનાવી શકે છે તેનું જીવંત ઉદાહરણ જ્યોર્જિયા મેલોની છે. ભારત અને ઈટાલી વચ્ચે સર્જાયેલી આ 'મેલોડી' જેવી મધુર મિત્રતા ભવિષ્યમાં બંને દેશોને વધુ નજીક લાવશે અને વૈશ્વિક રાજકારણમાં નવી દિશા આપશે તેમાં કોઈ શંકા નથી.

**આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સૌહાર્દનો નવો અધ્યાય પ્રારંભ કરનાર ઇટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન છે. જેમણે વૈશ્વિક મુત્સદ્દીગીરી અને નેતૃત્વની નૂતન ક્ષિતિજો સર કરી છે.**

## શબ્દ સંજોગ-૨૨૦૧




**આડી ચાવી :**
(૧) આંકવાનું કામ (૩)
(૩) વેર, પાડાખાર (૩)
(૬) રસ્તો અંગ્રેજીમાં (૧)
(૭) ....સેવા એજ પ્રભુ સેવા (૨)
(૮) મદદ (૩)
(૯) પ્રણામ, વંદન (૩)
(૧૧) ફણગો, બીજ (૩)
(૧૩) મૂળ, રુઝ (૩)
(૧૪) અવયવ, શરીર (૨)
(૧૫) છેવટનો ભાગ, છેડો (૨)
(૧૬) ....ને માથે જૂતિયા (૨)
(૧૭) ખાસ, પોતાનું (૨)
(૧૮) કાયા, શરીર (૨)
(૧૯) પોંક પાડવા માટેની તૈયાર કરેલી જગ્યા (૩)
(૨૦) જીંદગી એક....છે. (૩)
(૨૨) પાવડી, ચાખડી (૩)
(૨૫) સુથારનું એક ઓજાર (૪)
(૨૭) પાણી (૨)
(૨૮) નાનું બાળક (૨)
(૨૯) પશુ કે પક્ષીમાં પુરુષ જાત (૨)

**ઉભી ચાવી :**
(૧) ગાયનના સ્વર લીપી બધ્ધ કરાવે તે (૩)
(૨) આમંત્રણ, નોતરૂં (૩)
(૪) કૂકડો (આ-અ) (૪)
(૫) યુધ્ધ (૩)
(૧૦) હવા, પવન (૩)
(૧૧) કાબૂ, દાબ (૩)
(૧૨) ભાગ, જાત (૨)
(૧૩) આંજવાનો પદાર્થ (૩)
(૧૪) સોનાની સગડી (૩)
(૧૫) હનુમાનની માતા (૩)
(૧૭) સ્વીકાર (૪)
(૧૮) લાગ, મોકો (૨)
(૧૯) હાથીને પગે બાંધવાની સાંકળ (૩)
(૨૧) માખણ અંગ્રેજીમાં (આ-અ) (૩)
(૨૩) જુદાઈ, અવકાશ (૩)
(૨૪) એક દેવી (૨)
(૨૬) જંગલ, અરણ્ય (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૦ જવાબ

**આડી ચાવી :** (૧) જૈમિનિ (૩) સાધના (૬) નારાજ (૭) મહેલ (૯) નીંદ (૧૦) નટી (૧૨) દાદા (૧૪) તહ (૧૬) મહાત (૧૭) લોભ (૧૯) જાણ (૨૧) લાગ (૨૩) વદાહી (વહીદા) (૨૪) ઈજન (૨૬) ધારણા (૨૭) માતૃ (૨૯) ટચ (૩૦) રાબ.

**ઉભી ચાવી :** (૧) જૈન (૨) નિનાદ (૩) સાજન (૪) નામ (૫) પોલ (૮) હેમંત (૯) નીંદામણ (૧૧) ટીપલો (૧૩) હેત (૧૫) હશે (૧૮) ભલાઈ (૧૯) જાતુભાન (૨૦) કોહીમા (૨૨) ગજ (૨૩) વણાટ (૨૫) નસીબ (૨૮) તૃપ્તિ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૯૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૬૪ |
| જુવાર સફેદ | ૮૪૦ | ૧૦૧૫ |
| જુવાર લાલ | ૮૩૫ | ૯૭૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૭૫ |
| બાજરી | ૩૨૫ | ૪૬૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૨૫ |
| મગ | ૧૧૭૫ | ૧૮૪૯ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૦૩૦ |
| ચોળી | ૮૫૦ | ૧૫૫૫ |
| વટાણા | ૬૦૦ | ૭૯૦ |
| કળથી | ૩૪૨ | ૩૮૧ |
| રાજમા | ૬૧૫ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૬૨૫ | ૧૯૬૦ |
| મગફળી જાડી | ૧૨૩૫ | ૧૬૪૪ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૭૦૦ |
| તલી | ૧૯૫૦ | ૨૨૮૦ |
| સુરજમુખી | ૧૩૩૫ | ૧૩૩૫ |
| એરંડા | ૧૧૬૫ | ૧૩૧૭ |
| અજમો | ૧૪૮૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૬૫ | ૧૭૫૦ |
| સીંગફાડા | ૧૪૨૦ | ૧૮૮૮ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૪૭૫ |
| લસણ | ૮૧૫ | ૧૬૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૧૭ |
| ધાણી | ૨૨૬૦ | ૨૪૮૮ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૩૦ |
| રાય | ૧૨૫૦ | ૧૬૧૮ |
| મેથી | ૧૧૫૦ | ૧૯૯૬ |
| ઇસબગુલ | ૧૧૬૦ | ૧૯૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૬૦૦ | ૩૪૩૧ |
| રાયડો | ૧૧૮૦ | ૧૩૯૦ |
| રજકાનું બી | ૪૮૫૦ | ૬૮૫૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૧૩૬ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૨૯૮ | ૫૦૭ |
| લીંબુ | ૧૧૦૩ | ૨૨૧૯ |
| સાકરટેટી | ૧૦૬ | ૨૫૩ |
| તરબુચ | ૯૮ | ૨૧૩ |
| પપૈયા | ૮૪ | ૧૬૬ |
| બટેટા | ૧૦૬ | ૨૭૫ |
| ડુંગળી સુકી | ૫૫ | ૩૧૧ |
| ટમેટા | ૩૪૮ | ૫૧૩ |
| સુરણ | ૭૮૪ | ૯૯૨ |
| કોથમરી | ૬૧૩ | ૮૧૭ |
| રીંગણા | ૧૯૩ | ૨૮૫ |
| કોબીજ | ૮૪ | ૧૪૯ |
| ફ્લાવર | ૩૦૬ | ૬૧૧ |
| ભીંડો | ૨૦૯ | ૪૧૪ |
| ગુવાર | ૪૯૧ | ૮૦૩ |
| ચોળાસીંગ | ૩૫૪ | ૭૧૧ |
| ટીંડોળા | ૪૧૫ | ૮૧૯ |
| દુધી | ૮૨ | ૧૮૬ |
| કારેલા | ૨૪૭ | ૪૦૭ |
| સરગવો | ૩૬૪ | ૬૬૫ |
| તુરીયા | ૩૮૯ | ૭૯૨ |
| પરવર | ૪૯૧ | ૮૦૭ |
| કાકડી | ૧૪૫ | ૩૬૪ |
| ગાજર | ૨૦૬ | ૪૧૬ |
| વટાણા | ૧૪૦૩ | ૧૬૧૨ |
| ગલકા | ૧૪૯ | ૨૮૬ |
| બીટ | ૧૫૬ | ૩૬૬ |
| મેથી | ૩૧૯ | ૫૯૨ |
| ડુંગળી લીલી | ૮૧૧ | ૧૦૧૧ |
| આદુ | ૧૫૦૪ | ૧૭૧૬ |
| મરચા લીલા | ૪૯૪ | ૭૦૬ |
| મકાઇ લીલી | ૧૬૮ | ૩૭૫ |
| ગુંદા | ૨૫૩ | ૪૪૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૮૧ | ૧૯૯૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૮૬ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૭૧૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૧૪૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૬૧ |
| ક્લંજી | ૧૫૦૦ | ૩૪૦૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૪૬૦૧ | ૬૯૦૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૪૭૧ |
| ડુંગળી લાલ | ૭૬ | ૩૨૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૧૩૨૧ | ૧૩૮૧ |
| રાય | ૧૩૯૧ | ૧૫૮૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૨૧ |
| મરચા | ૨૭૦૧ | ૭૬૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૬૨૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૬૩૧ |
| મગફળી નવી | ૧૧૮૧ | ૧૭૭૧ |
| મગફળી ૬૬ | ૧૨૯૬ | ૧૩૨૧ |
| તલ - તલી | ૧૭૨૬ | ૨૩૯૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૭૫૧ |
| ડુંગળી સફેદ | ૧૫૬ | ૨૩૮ |
| મગ | ૧૧૨૧ | ૧૭૭૧ |
| સોયાબીન | ૧૨૭૧ | ૧૫૮૧ |
| ગોગળી | ૧૨૦૧ | ૧૩૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| આંબલી | ૪૦૦ | ૬૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| alavipan | ૮ | ૧૨ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૭૦૦ |
| ફણશી | ૨૪૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૪૫ |
| શિંગદાણા | ૧૮૮૦ | ૧૯૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૧૫ | ૧૮૯૦ |
| તલ સફેદ | ૧૧૯૫ | ૨૪૪૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૫ |
| તલ કાશમીરી | ૧૭૯૦ | ૨૨૬૫ |
| બાજરો | ૪૦૦ | ૪૭૫ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૧૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૦ |
| મકાઈ | ૨૫૫ | ૨૫૫ |
| મગ | ૧૪૦૦ | ૧૭૬૦ |
| અડદ | ૧૫૫૫ | ૧૫૫૫ |
| ચણા | ૮૫૦ | ૧૧૩૫ |
| ચણા દેશી | ૧૦૪૫ | ૧૦૯૫ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૩૫ |
| છોલે ચણા | ૧૦૯૦ | ૧૧૨૫ |
| તુવેર | ૯૩૦ | ૧૫૭૦ |
| વાલ | ૧૨૫૫ | ૧૬૪૫ |
| કપાસ | ૧૧૯૦ | ૧૯૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૩૬૦ | ૩૯૫૦ |
| રાય | ૯૦૦ | ૧૪૪૦ |
| ગમ ગુવાર | ૯૭૫ | ૯૭૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૧૫ |
| ધાણી | ૧૯૫૦ | ૨૩૯૫ |
| મેથી | ૯૨૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૧૪૪૫ | ૧૫૩૦ |
| કલોંજી | ૧૦૫૦ | ૩૧૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૬૦ | ૫૯૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૬૦૦ | ૬૫૦ |
| સુરણ | ૭૮૦ | ૯૩૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૨૫૦ |
| ગુંદા | ૬૦૦ | ૭૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૨૦ | ૯૨૦ |
| કાચીકેરી | ૯૫૦ | ૧૦૨૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પાકીકેરી | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ગરમર | ૬૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૪૦૦ | ૪૫૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૦૫૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૪૮૦ |
| સરગવો | ૫૫૦ | ૬૩૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૩૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૩૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મકાઇ | ૨૧૦ | ૩૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૪૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૧૦ |
| શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૭૫ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૪૮૧ |
| જીરૂ | ૨૨૪૦ | ૩૬૫૦ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૩૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૬૦૦ | ૯૪૦ |
| મકાઇ | ૪૦૦ | ૪૪૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૪૨ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૪૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૪૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| રાય/રાયડો | ૧૧૫૫ | ૧૨૦૩ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૫૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૫૫ | ૧૩૭૮ |
| ઘઉં | ૪૨૧ | ૪૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૫ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૫૧ |
| ધાણા | ૨૨૬૫ | ૨૩૫૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૨૫ |
| તલ કાળા | ૨૬૬૦ | ૩૨૧૧ |
| મગ | ૧૪૪૯ | ૧૫૫૫ |
| શીંગ ફાડા | ૧૪૪૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૨૧૫ | ૧૨૪૧ |
| બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| મેથી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| વરીયાળી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૧૪૫૧ | ૧૪૫૧ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૬૪ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૪૬૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૦૧ |
| ધાણા | ૨૦૫૫ | ૨૩૧૦ |
| ચણા સફેદ | ૧૦૧૧ | ૧૦૨૬ |
| તલ સફેદ | ૧૮૯૫ | ૨૨૪૨ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૬૦ |
| મેથી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૭૧ |
| શીંગફાડા | ૧૮૬૦ | ૧૮૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૫૨ |
| જુવાર | ૫૯૫ | ૫૯૫ |
| તલકાળા | ૨૧૦૦ | ૩૧૦૦ |
| મગ | ૧૫૫૫ | ૧૭૦૦ |
| જીરૂ | ૨૮૬૦ | ૨૮૬૦ |
| કલંજી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| રાય | ૧૨૮૦ | ૧૨૮૦ |
| શીંગદાણા | ૧૯૮૦ | ૧૯૮૦ |
| મકાઇ | ૪૦૦ | ૪૦૦ |
| લસણ | ૮૯૫ | ૮૯૫ |
| કાંગ | ૫૨૫ | ૫૨૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૨૦ | ૨૦૦૧ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૮૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૫૪૫ | ૨૨૨૫ |
| તલ કાળા | ૨૯૬૦ | ૩૨૩૦ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૮૨૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૦૦ |
| મગ | ૧૪૪૦ | ૧૬૨૦ |
| તુવેર | ૧૧૬૫ | ૧૪૧૫ |
| ધાણા | ૧૫૮૫ | ૨૪૬૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૯૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૯૧ |
| જુવાર | ૫૨૫ | ૫૨૫ |
| મકાઇ | ૫૦૬ | ૫૦૬ |
| મગ | ૯૦૧ | ૧૬૫૬ |
| ચણા | ૮૫૧ | ૧૦૮૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૩૬ |
| તુવેર | ૭૫૧ | ૧૪૦૧ |
| શિંગ ફાડા | ૧૪૦૧ | ૧૮૭૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૨૬૬ |
| તલ કાળા | ૧૨૦૧ | ૩૧૪૬ |
| મેથી | ૫૦૧ | ૧૧૩૧ |
| જીરૂ | ૧૫૦૧ | ૨૫૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૦૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૫૬ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૩૨ | ૧૬૯૫ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૧૦૪ | ૧૬૦૬ |
| શીંગ ૩૨ | ૧૧૯૬ | ૧૩૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૦ | ૧૩૨૫ |
| જુવાર | ૩૮૦ | ૯૫૮ |
| બાજરી | ૩૩૩ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૫૦ |
| મકાઈ | ૩૩૧ | ૪૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૩૨૬ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૩૧૬ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૧૩ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૧૨ |
| નાળીયેર | ૬૭૫ | ૨૨૭૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૨૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૫ |
| રાય | ૧૧૦૦ | ૧૪૩૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| જુવાર | ૭૫૦ | ૯૮૦ |
| મગ | ૧૫૫૦ | ૧૮૭૪ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૪૧ |
| મગફળી | ૧૨૩૬ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૮૧ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૨૧ | ૨૯૦૩ |
| તલ કાળા | ૩૦૦૧ | ૩૨૯૯ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૬૦૧ | ૧૬૮૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૩૪૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૯ |
| મગ | ૧૪૦૦ | ૧૭૫૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| તુવેર | ૬૦૦ | ૧૪૭૫ |
| ચોળી | ૭૦૦ | ૧૬૩૦ |
| મેથી | ૬૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૪૦ |
| એરંડા | ૧૨૪૫ | ૧૨૯૧ |
| તલ | ૧૮૦૦ | ૨૨૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૩૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૯૧ |
| રાઈ | ૧૫૯૦ | ૧૬૦૦ |
| લસણ | ૮૮૦ | ૧૯૭૫ |
| કપાસ | ૯૦૦ | ૧૭૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૪૧૦ | ૩૧૭૦ |
| અજમા ની ભૂસી | ૨૦ | ૨૩૩૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૨૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૨૭૫ |
| વટાણા | ૫૦૦ | ૮૮૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૩૬૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૩૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૨૯૨ |
| કપાસ | ૧૧૨૫ | ૧૮૬૦ |
| બાજરો | ૩૦૨ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૦૦ |
| જુવાર | ૩૫૧ | ૯૭૮ |
| મગ | ૧૫૮૬ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near byパass Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઉના પંથકમાં આતંક મચાવનાર કુખ્યાત યાગી ગેંગ સામે ગુજસીટોકનો ગૂનો દાખલ

ઉના,તા.૨૧



ઉના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આતંક મચાવતી કુખ્યાત યાગી ગેંગ વિરુધ્ધ નવાબંદર મરીન પોલીસે મોટી કાર્યવાહી કરી છે. છેલ્લા ઘણા વર્ષોથી ઉના, નવાબંદર, કોડીનાર અને સોમનાથ મરીન વિસ્તારમાં સક્રિય આ ટોળકીના કુલ સાત સભ્યો સામે (GUJCTOC) એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ગેંગ શરીર સંબંધી ગંભીર ગુનાઓ, પ્રોહિબિશન, રાયોટિંગ, તોડફોડ અને સરકારી અધિકારીઓની ફરજમાં રૂકાવટ લાવવા જેવી પ્રવૃત્તિઓ આચરતી હતી. ગેંગ લીડર નરેન્દ્ર ઉર્ફે યાગી બાંભણીયા સામે છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૯ ગુનાઓ નોંધાયેલા છે. જૂનાગઢ રેન્જ ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને જિલ્લા એસપી જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસે આ ટોળકી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં સામેલ સાત આરોપીઓમાંથી મિલન બાંભણીયા અને વિજય પરમારની અટકાયત કરવામાં આવી છે, જ્યારે જેલમાં બંધ અન્ય ત્રણ આરોપીઓનો કબજો મેળવવા તજવીજ શરૂ કરાઈ છે અને ફરાર બે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

# ગોંડલ શહેરના ભગવતપરા વિસ્તારમાં મારામારીનો બનાવ હત્યામાં પલટાયો

ગોંડલ,તા.૨૧

ગોંડલના ભગવતપરા વિસ્તારમાં ગત મોડી રાત્રે મારામારીનો એક ગંભીર બનાવ હત્યામાં પલટાયો હતો. કોળી વાસની આ ઘટનામાં કાકા-ભત્રીજી ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાંથી કાકાનું સારવાર દરમિયાન મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી છે. કોળી વાસમાં ૨૦ મેના રોજ મોડી રાત્રે એક પરિવાર પર અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ જીવલેણ મારામારીમાં કાકા નિલેશભાઈ જયંતિભાઈ શેખ અને તેમની ૧૬ વર્ષીય ભત્રીજી ધર્મિષ્ઠાબેન શેખને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત કાકા - ભત્રીજીને તાત્કાલિક ગોંડલની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ૪૫ વર્ષીય નિલેશભાઈની હાલત વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. પરંતુ રાજકોટ ખાતે



સારવાર દરમિયાન નિલેશભાઈનું મોત નીપજ્યું હતું, જેથી આ બનાવ હત્યામાં પરિણમ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ ગોંડલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હત્યાને અંજામ આપ્યા બાદ આરોપીઓ પોતાનું એક્ટિવા ઘટના સ્થળે જ મૂકીને પગપાળા જ ફરાર થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ અને લોકચર્ચા મુજબ આ હુમલામાં વિશાલ બાવરીયા નામનો શખ્સ અન્ય બે સાગરીતો સાથે આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ મારામારી કયા કારણોસર થઈ અને તેની પાછળનો મુખ્ય હેતુ શું હતો, તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી.

**અવસાન નોંધ**

**વીજપડી**

વીજપડી નિવાસી દેવકુવરબેન પોપટભાઈ ડોડીયા ઉંમર વર્ષ ૮૨ તેવો તારીખ ૨૦/૦૫/૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે તે પોપટભાઈ દેવરાજભાઈ ડોડીયા ના ધર્મ પત્ની અને તે અરવિંદભાઈ ઘનશ્યામભાઈ ,દિલીપભાઈ હિંમતભાઈ ,શૈલેષભાઈ ,જીતેનભાઈ અને સંજયભાઈ ના માતૃશ્રીનું અવસાન થયેલ છે જેમનું બેસણું તારીખ ૨૨ ના રોજ ચાર થી છ લુહાર સમાજ જ્ઞાતિ વાળી વીજપડી ખાતે રાખવામાં આવેલ છે.

## સગાઈ તોડવાના મનદુ:ખમાં પરિણીતાનું મોત

પોરબંદર,તા.૨૧

પોરબંદરમાં હીત પોપટે સગાઈ તોડી નાખતા નારાજ મંગેતર સુહાસી રાયચુરા, તેના પિતા જગદીશ અને માતા શિલ્પાબેને ઘરે આવી ઝઘડો કર્યો હતો. વચ્ચે પડેલા જૂનાગઢના પરિણીતા વૃંદાબેનને ધક્કો મારતા, કબાટ સાથે અથડાવાથી ગંભીર ઈજાને કારણે તેમનું કરૂણ મોત નીપજ્યું. પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો.

# અમરેલીમાંથી બે જજની બદલી થતા બાર એસો. દ્વારા વિદાયમાન અપાયું

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા બદલી પામેલા જજ સાહેબો માટે એક ભવ્ય અને લાગણીસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના સેશન્સ જજ ડી. એસ. શ્રીવાસ્તવની પાલનપુર ખાતે બદલી થતાં અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કે. બી. પરમારની અરવલ્લી ખાતે બદલી થતાં બાર એસોસિએશનના તમામ હોદ્દેદારો અને વકીલ મિત્રો દ્વારા તેમને સ્નેહપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. ઉપસ્થિત તમામ વકીલોએ બંને ન્યાયાધીશોની ન્યાયિક ક્ષેત્રે આપેલી પ્રશંસનીય કામગીરી અને તેમના મિલનસાર સ્વભાવને બિરદાવ્યા હતા. બાર એસોસિએશન દ્વારા બંને ન્યાયમૂર્તિઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય અને સુખદ કાર્યકાળ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## રેશનકાર્ડમાં જૂનાગઢને બદલે ગીર સોમનાથ જિલ્લાનું નામ કરવા આવેદન

ગીર સોમનાથ,તા.૨૧

વર્ષ ૨૦૧૩માં જૂનાગઢ જિલ્લામાંથી મુક્ત થઈને નવો "ગીર સોમનાથ" જિલ્લો અસ્તિત્વમાં આવ્યો હતો. આ ઐતિહાસિક નિર્ણયને આશરે ૧૨ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, જિલ્લાના અનેક ગામો અને તાલુકાઓના રેશનકાર્ડમાં હજુ પણ જિલ્લાનું નામ "જૂનાગઢ" જ દર્શાવવામાં આવે છે. આ વહીવટી ક્ષતિના કારણે સ્થાનિક નાગરિકોને સરકારી કચેરીઓના કામકાજ, શાળાઓ અને કોલેજોમાં એડમિશન પ્રક્રિયા, શિષ્યવૃત્તિ, બેંકિંગ કામગીરી તેમજ વિવિધ સરકારી યોજનાઓના ફોર્મ ભરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૨/૨૬ તા.૧૫/૦૫/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી નારણભાઈ નાનજીભાઈ ગોહિલ**
**રહે.ભાલવાવ, તા.લાઠી જી. અમરેલી**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી પ્રવિણ કે. બથવાર**
**રહે.પાલીતાણા મો.૭૮૭૪૩ ૯૨૪૮૪**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. ભાલવાવ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો હેતલ નારણભાઈ ગોહિલનો જન્મ તા.૧૨/૦૨/૨૦૦૧ ના રોજ ભાલવાવ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૪૬/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** રામભાઈ લુણાભાઈ ઉનાગર,
રહે.ભાવરડી, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, ભાવરડી, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રામભાઈ લુણાભાઈ ઉનાગરના પુત્રી રુખાબેન રામભાઈ ઉનાગરનો જન્મ તા.૦૧-૦૧-૧૯૭૬ના રોજ ભાવરડી મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ /૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૬૯/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** વરિયા નટવરભાઈ હરીભાઈ,
રહે.લાસા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, લાસા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વરિયા નટવરભાઈ હરીભાઈના બહેન ગીતાબેન નટવરભાઈ વરિયાનો જન્મ તા.૦૧-૦૪-૧૯૭૬ના રોજ લાસા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ /૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૨૩/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** મેઘજીભાઈ ભીખાભાઈ ઉનાગર,
રહે.૨૮, વેડ રોડ, સુરત જિ.સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, તાતણીયા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મેઘજીભાઈ ભીખાભાઈ ઉનાગરના બહેન રામેશ્વરી ભીખાભાઈ ઉનાગરનો જન્મ તા.૧૮-૦૮-૧૯૬૪ના રોજ તાતણીયા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ /૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૭૧/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** સવજીભાઈ ઠાકરશીભાઈ રાવળ,
રહે.તાતણીયા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, તાતણીયા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સવજીભાઈ ઠાકરશીભાઈ રાવળના પુત્રી ભગવતીબેન સવજીભાઈ રાવળનો જન્મ તા. ૦૧-૦૪-૨૦૦૨ના રોજ તાતણીયા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ /૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૪૮/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** ઉસ્માનભાઈ જમાલભાઈ કુરેશી,
રહે.નાનુડી, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, નાનુડી, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઉસ્માનભાઈ જમાલભાઈ કુરેશીના પુત્રી હમીદાબેન ઉસ્માનભાઈ કુરેશીનો જન્મ તા. ૦૧-૦૬-૧૯૯૦ના રોજ નાનુડી મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ /૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૬૪/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** રમણીકભાઈ નાથાભાઈ કોરાટ
રહે.મોટા સમઢીયાળા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, મોટા સમઢીયાળા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રમણીકભાઈ નાથાભાઈ કોરાટના જન્મ તા.૦૧-૦૧-૧૯૬૨ના રોજ મોટા સમઢીયાળા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૭૦/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** સવજીભાઈ ઠાકરશીભાઈ રાવળ,
રહે.તાતણીયા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, તાતણીયા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સવજીભાઈ ઠાકરશીભાઈ રાવળના પુત્રી ભાગ્યશ્રીબેન સવજીભાઈ રાવળનો જન્મ તા.૦૧-૦૪-૨૦૦૨ના રોજ તાતણીયા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૭૨/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** દક્ષાબેન ઘનશ્યામભાઈ રંગપરીયા D/O રણછોડભાઈ ભગવાનભાઈ કોટડીયા,
રહે.લાસા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, લાસા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દક્ષાબેન રણછોડભાઈ કોટડીયાના જન્મ તા. ૦૧-૦૪-૧૯૭૩ના રોજ લાસા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૫૯/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** કાંતાબેન મનજીભાઈ ઉનાગર D/O કરમશીભાઈ
રહે.તાલડા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, ખાંભા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાંતાબેન કરમશીભાઈ વરિયાના જન્મ તા. ૧૮-૦૫-૧૯૭૭ના રોજ ખાંભા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૨૯/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** ફિરોજભાઈ ભીખાભાઈ શેખ,
રહે.ખાંભા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, નાનુડી, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ફિરોજભાઈ ભીખાભાઈ શેખના જન્મ તા. ૨૨-૦૪-૧૯૭૩ના રોજ ખાંભા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**

---

**-//શ્રી એમ.ડી.ભાલોડી, એક્ઝીક્યુટીવમેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ//-**

**નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૩૧/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬**

**અરજદાર :-** સલીમભાઈ ઈકબાલભાઈ રાઠોડ,
રહે.સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, ખાંભા, તા.ખાંભા

**- નોટીસ -**


જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સલીમભાઈ ઈકબાલભાઈ રાઠોડના જન્મ તા. ૦૭-૦૬-૧૯૭૩ના રોજ ખાંભા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ / /૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર ખાંભા તાલુકા**


# વિદેશ પ્રવાસ પરથી પરત ફરતાની સાથે જ પીએમ મોદીએ ઈમરજન્સી બેઠક બોલાવી



નવી દિલ્હી,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના વિદેશ પ્રવાસ પરથી પરત ફરતાની સાથે જ દિલ્હીમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ હાઈ-લેવલ બેઠકની અધ્યક્ષતા કરવાના છે. વડાપ્રધાનના આગમન સાથે જ યોજાનારી આ અણધારી બેઠકમાં ભારે સસ્પેન્સ અને ઉત્સુકતાનો માહોલ સર્જાયો છે. કેબિનેટ કક્ષાના તમામ વરિષ્ઠ મંત્રીઓથી લઈને તમામ જુનિયર અને રાજ્યકક્ષાના મંત્રીઓને પણ આ બેઠકમાં ફરજિયાતપણે સામેલ થવા માટે કડક સૂચના આપવામાં આવી છે. તમામ મંત્રીઓને આગામી દિવસોમાં દિલ્હીની બહાર ન જવા અને રાજધાનીમાં જ હાજર રહેવાનો આદેશ મળતાં જ વિવિધ અટકળો તેજ થઈ ગઈ છે. વર્તમાન વૈશ્વિક અને આંતરિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશની સુરક્ષા, આર્થિક સ્થિતિ અને વહીવટી તંત્ર સાથે જોડાયેલા અત્યંત સંવેદનશીલ તેમજ મહત્વપૂર્ણ પાસાઓ પર મંત્રીઓ સમક્ષ વિસ્તૃત વિગતો રાખવામાં આવશે. સામાન્ય રીતે આવી કટોકટીની પરિસ્થિતિમાં જ તમામ મંત્રીઓને એકસાથે દિલ્હીમાં રોકાઈ રહેવાના આદેશો અપાતા હોય છે, જેથી આ બેઠક પર હવે સમગ્ર દેશની નજર ટકેલી છે અને સરકાર કોઈ મોટો કે નિર્ણાયક પગલો ભરી શકે તેવી શક્યતાઓ પણ જોવામાં આવી રહી છે.

# બેંગલુરૂમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મોટી વિમાન દુર્ઘટના સહેજમાં ટળી



બેંગલુરૂ,તા.૨૧

બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાજેતરમાં એક મોટી વિમાન દુર્ઘટના ખૂબ જ સહેજમાં ટળી ગઈ છે. દિલ્હીથી ઉડાન ભરીને બેંગલુરુ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર AI૨૬૫૨ જ્યારે રન-વે પર ઉતરાણ કરી રહી હતી, ત્યારે અચાનક વિમાનનો પાછળનો ભાગ એટલે કે ટેલ સ્ટ્રાઈક જમીન સાથે અથડાઈ ગઈ હતી. આ અકસ્માત સર્જાતા જ એરપોર્ટ પર થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. જોકે, ફ્લાઈટના પાયલોટે અદ્‌ભુત સમયસૂચકતા અને વ્યાવસાયિક કુશળતા દર્શાવીને વિમાન પર કાબૂ મેળવી લીધો હતો અને તેને રન-વે પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યું હતું. આ ફ્લાઈટમાં કુલ ૧૮૧ પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જે તમામને કોઈ પણ પ્રકારની ઈજા થઈ નથી અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ ગંભીર ઘટના બાદ એર ઈન્ડિયા પ્રશાસન તાત્કાલિક એક્શનમાં આવ્યું છે અને ક્ષતિગ્રસ્ત થયેલા વિમાનને સંપૂર્ણ તપાસ તેમજ સમારકામ માટે ગ્રાઉન્ડેડ કરી દેવામાં આવ્યું છે. એરલાઈન્સના સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું છે કે વિમાનના નિયમો અનુસાર આ સમગ્ર ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. આ અકસ્માતની સીધી અસર એરપોર્ટના શેડ્યૂલ પર પડી હતી, જેના કારણે બેંગલુરુથી પાછા દિલ્હી જનારી ફ્લાઈટ નંબર AI૨૬૫૨ને તાત્કાલિક અસરથી રદ કરવાની ફરજ પડી હતી.

# દિલ્હીમાં મે મહિનામાં ૧૪ વર્ષની સૌથી ગરમ રાત નોંધાઈ, ઓરેન્જ એલર્ટ જારી

નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં માત્ર દિવસ જ નહીં પરંતુ રાત્રે પણ કાળઝાળ ગરમી પડી રહી છે. દિલ્હીમાં મે મહિનાની અત્યાર સુધીની સૌથી ગરમ રાત નોંધાઈ છે, જ્યાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૫.૨ ડિગ્રી વધીને ૩૧.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગ (IMD) અનુસાર, છેલ્લા ૧૪ વર્ષમાં મે મહિનાનું આ સૌથી વધુ લઘુત્તમ તાપમાન છે. આ પૂર્વે ૨૬ મે, ૨૦૧૨ના રોજ લઘુત્તમ તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું હતું. સફદરજંગ અને લોધી રોડ સહિતના સ્ટેશનો પર ગરમ રાત્રિની સ્થિતિ રહી હતી. હવામાન વિભાગે શહેરમાં 'ઓરેન્જ એલર્ટ' જારી કર્યું છે, કારણ કે મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની અને તીવ્ર હીટવેવ ચાલુ રહેવાની શક્યતા છે. દરમિયાન, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૧૫૩ સાથે 'મધ્યમ' શ્રેણીમાં નોંધાયો હતો.

# ભારત એક જવાબદાર પરમાણુ શક્તિ છે અને 'નો ફર્સ્ટ યુઝ' નીતિ પર અડગ છે : રાજનાથ સિંહ



નવી દિલ્હી, તા.૨૧

ભારતીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દક્ષિણ કોરિયાની સત્તાવાર મુલાકાતે છે, જ્યાં તેમણે સમકક્ષ આહ્ન ગ્યુ-બાક સાથે સિઓલમાં સંરક્ષણ, સાયબરસ્પેસ અને લશ્કરી તાલીમ ક્ષેત્રે મહત્વપૂર્ણ કરારો કર્યા છે. આ પ્રવાસ દરમિયાન સિઓલમાં ભારતીય સમુદાયને સંબોધતા તેમણે ભારતની પરમાણુ નીતિ અને વૈશ્વિક બદલાવ પર ભાર મૂક્યો હતો. રાજનાથ સિંહે સ્પષ્ટ કર્યું કે, વિશ્વ પહેલા ભારતને માત્ર સોફ્ટ પાવર તરીકે જોતું હતું, પરંતુ આજે ભારત વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ આપનારી શક્તિ બન્યું છે. ભારત એક જવાબદાર પરમાણુ શક્તિ છે અને 'નો ફર્સ્ટ યુઝ' (પહેલા પરમાણુ હુમલો ન કરવો) ની નીતિ પ્રત્યે દૃઢપણે પ્રતિબધ્ધ છે." તેમણે ઉમેર્યું કે દેશની શાંતિપ્રિયતાને કોઈ નબળાઈ ન સમજે, કારણ કે ભારત કોઈ પણ પ્રકારના પરમાણુ બ્લેકમેલને સહન કરશે નહીં. છેલ્લા ૧૨ વર્ષમાં ભારતે સંરક્ષણ ક્ષેત્રે પ્રતિક્રિયાશીલને બદલે સક્રિય નીતિ અપનાવીને આત્મનિર્ભરતા વધારી છે.

# ભડકાઉ ભાષણને લઈ કોલકાતા હાઈકોર્ટ તરફથી અભિષેક બેનર્જીને મોટી રાહત

કોલકાતા, તા.૨૧

કલકત્તા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા અને સાંસદ અભિષેક બેનર્જીને મોટી રાહત આપતા તેમની સામે પશ્ચિમ બંગાળ પોલીસની કોઈપણ બળજબરીપૂર્વકની કાર્યવાહી પર અસ્થાયી રોક લગાવી દીધી છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુધ્ધ કથિત ભડકાઉ ટિપ્પણી કરવા બદલ તેમની સામે એફઆઈઆર (FIR) નોંધવામાં આવી હતી, જેને રદ કરાવવા તેમણે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. ચૂંટણી પરિણામો બાદ ૫ મેના રોજ સામાજિક કાર્યકર રાજીવ સરકારની ફરિયાદના આધારે બાગુઆટી પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ વખતની ભારે રસાકસી ભરી ચૂંટણીમાં ભાજપે શાનદાર પ્રદર્શન કરી રાજ્યમાં પ્રથમવાર પોતાના મુખ્યમંત્રી મેળવ્યા છે, જ્યારે ૧૫ વર્ષ શાસન કરનાર ટીએમસીની કારમી હાર થઈ છે.


# દિલ્હી એરપોર્ટ પર ઈબોલા વાયરસને લઈને હેલ્થ એડવાઈઝરી જાહેર, મુસાફરોનું થશે સ્ક્રીનિંગ



નવી દિલ્હી, તા.૨૧

વિશ્વ આરોગ્ય સંસ્થા (WH) દ્વારા ઈબોલા વાયરસને 'પબ્લિક હેલ્થ ઈમરજન્સી' જાહેર કરાયા બાદ, કેન્દ્ર સરકારના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ (DGHS) દ્વારા દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્વાસ્થ્ય સંબંધિત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ભારતમાં હજુ સુધી ઈબોલાનો કોઈ કેસ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે આ પગલું લેવાયું છે. એડવાઈઝરી મુજબ ડીઆર કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન જેવા વધુ જોખમ ધરાવતા દેશોમાંથી આવતા મુસાફરોમાં તાવ, અસ્પષ્ટ રક્તસ્રાવ કે ઉલ્ટી-ઝાડા જેવા લક્ષણો દેખાય તો તુરંત હેલ્થ ડેસ્કને જાણ કરવાની રહેશે. આવા સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોએ ઈમિગ્રેશન ક્લિયરન્સ પહેલાં અધિકારીઓને જણાવવું પડશે. વધુમાં, ભારત આવ્યાના ૨૧ દિવસમાં લક્ષણો દેખાય તો પણ તબીબી સહાય મેળવવા જણાવાયું છે. ઈબોલા એ ચામાચીડિયા અને વાંદરા જેવા જંગલી પ્રાણીઓમાંથી મનુષ્યમાં ફેલાતો જીવલેણ વાયરસ છે.


# પીએમ મોદીએ ઈટાલીના પીએમ મેલોનીને આસામી 'મુગા સિલ્ક' અને મણિપુરી 'શિરુઈ લિલી સ્ટોલ' ભેટમાં આપ્યા



નવી દિલ્હી, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઈટાલી સહિત પાંચ દેશોની તેમની વ્યૂહાત્મક મુલાકાત પૂર્ણ કરી છે. આ પ્રવાસ દરમિયાન વૈશ્વિક મંચ પર ભારતનો સાંસ્કૃતિક વારસો ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પીએમ મોદીએ ઈટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને પૂર્વોત્તર રાજ્યોની પરંપરાગત કળાના પ્રતીક સમાન ખાસ ભેટો આપીને સાંસ્કૃતિક સંબંધોને નવી ઊંચાઈ આપી છે. તેમણે મેલોનીને આસામનું વિશ્વપ્રસિધ્ધ 'મુગા સિલ્ક' ભેટમાં આપ્યું, જે તેના કુદરતી સોનેરી રંગ, મજબૂતાઈ અને ટકાઉપણું માટે 'ગોલ્ડન સિલ્ક' તરીકે ઓળખાય છે. આ ઉપરાંત, તેમણે મણિપુરના તંગખુલ નાગા સમુદાયના ગૌરવ સમાન અને માત્ર ત્યાં જ ખીલતા દુર્લભ ફૂલ આધારિત 'શિરુઈ લિલી સિલ્ક સ્ટોલ' પણ ભેટમાં આપ્યો હતો. ઈટાલીની કળામાં પણ લિલીના ફૂલને શુધ્ધતા અને સુંદરતાનું પ્રતીક માનવામાં આવતું હોવાથી આ ભેટ બંને દેશોના કલાત્મક જોડાણને પ્રતિબિંબિત કરે છે.

# બાંદ્રામાં ડિમોલિશન દરમિયાન હિંસા : અફવા ફેલાવતા વિડીયો બાદ પોલીસ પર પથ્થરમારો



મુંબઈ, તા.૨૧

મુંબઈના બાંદ્રા પૂર્વ રેલ્વે સ્ટેશન નજીક ગરીબ નગર વિસ્તારમાં કોર્ટના આદેશથી ચાલી રહેલી ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવાની કામગીરી દરમિયાન ભીષણ રમખાણો ફાટી નીકળ્યા હતા. 'માત્ર મસ્જિદો તોડવામાં આવી રહી છે' એવી ખોટી અફવા ફેલાવતો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ૧૦૦ થી ૧૫૦ લોકોનું ઉશ્કેરાયેલું ટોળું એકઠું થયું હતું. ટોળાએ સૂત્રોચ્ચાર કરીને સરકારી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો અને પોલીસ તેમજ સુરક્ષા સ્ટાફ પર ભારે પથ્થરમારો કર્યો, જેમાં દસ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસે હળવો બળપ્રયોગ કર્યો હતો.

# હુમાયુ કબીરનું વિવાદાસ્પદ નિવેદન : બકરી ઈદ પર ગાયની બલી તો ચડાવવામાં આવશે



કોલકાતા, તા.૨૧

બકરી ઈદ પહેલા પશ્ચિમ બંગાળના રાજકારણમાં ગાયની બલિ અંગે નવો વિવાદ ઊભો થયો છે. 'આમ જનતા ઉન્નયન પાર્ટી'ના વડા અને ધારાસભ્ય હુમાયુ કબીરે વિવાદાસ્પદ નિવેદન આપતા જણાવ્યું છે કે, આ બલિદાન ૧૪૦૦ વર્ષથી થઈ રહ્યું છે અને જ્યાં સુધી દુનિયા અસ્તિત્વમાં છે ત્યાં સુધી ગાય, બકરા, ઊંટ અને ઘેટાંની બલિ ચાલુ રહેશે, તેને કોઈ રોકી શકશે નહીં. નવી સરકારના કડક વલણ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે સરકાર મુસ્લિમોને ગાય ખાવાની મનાઈ કરી રહી છે, પરંતુ બલિદાન ચોક્કસ થશે. ઉલ્લેખનીય છે કે, હુમાયુ કબીર અગાઉ બાબરી મસ્જિદના નામે નવી મસ્જિદ બનાવવાની જાહેરાત બદલ તૃણમૂલ કોંગ્રેસ (TMC)માંથી સસ્પેન્ડ થયા હતા.

# બંગાળમાં શાળાઓ બાદ હવે તમામ મદરેસાઓમાં 'વંદે માતરમ' ફરજિયાત



કોલકાતા, તા.૨૧

પશ્ચિમ બંગાળની નવી સરકારે મોટો નિર્ણય લેતા તમામ સરકારી શાળાઓ બાદ હવે રાજ્યની તમામ માન્યતા પ્રાપ્ત અને સરોકારી સહાયિત મદરેસાઓમાં પણ 'વંદે માતરમ' ગાવાનું તાત્કાલિક અસરથી ફરજિયાત બનાવ્યું છે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની આગેવાની હેઠળની સરકારના મદરેસા શિક્ષણ નિર્દેશાલયે આ અંગેનો સત્તાવાર આદેશ જારી કર્યો છે. લઘુમતી બાબતોના મંત્રી ખુદીરામ ટુડુએ આ નિર્ણયની પુષ્ટિ કરતા જણાવ્યું કે, અન્ય શાળાઓની જેમ જ આ નિયમ મદરેસાઓને પણ લાગુ પડશે. નોંધનીય છે કે ફેબ્રુઆરી ૨૦૨૬માં કેન્દ્ર સરકારે વંદે માતરમને રાષ્ટ્રગીત સમાન દરજ્જો આપ્યો હતો.

# ટ્રમ્પે ક્યુબા પર કબજો જમાવવા કેરેબિયન સમુદ્રમાં અમેરિકી યુધ્ધ જહાજ તૈનાત કર્યું



વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકા અને ક્યુબા વચ્ચે વધી રહેલા ભારે તણાવ વચ્ચે, યુએસ નૌકાદળનું વિશાળ વિમાનવાહક જહાજ 'યુએસએસ નિમિત્ઝ' તેના સ્ટ્રાઈક ગ્રુપ સાથે કેરેબિયન સમુદ્રમાં પહોંચી ગયું છે. યુએસ મીડિયા રિપોર્ટ 'ધ હિલ' અનુસાર, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબા સામે કડક વલણ અપનાવી કાર્યવાહી કરવાની ધમકી આપી છે, જેના પગલે યુએસ સધર્ન કમાન્ડે આ તૈનાતીની સત્તાવાર જાહેરાત કરી છે. આ શક્તિશાળી કાફલામાં નિમિત્ઝ-ક્લાસ એરક્રાફ્ટ કેરિયર ઉપરાંત સુપર હોર્નેટ ફાઈટર જેટ્સ, ગ્રોલર ઈલેક્ટ્રોનિક વોરફેર એરક્રાફ્ટ અને યુએસએસ ગ્રીડલી ડિસ્ટ્રોયર જેવા આધુનિક યુધ્ધ જહાજો સામેલ છે. બીજી તરફ, વર્ષ ૧૯૯૬માં બે નાગરિક વિમાનોને તોડી પાડવાના કેસમાં યુએસ ન્યાય વિભાગે ક્યુબાના પૂર્વ રાષ્ટ્રપતિ રાઉલ કાસ્ટ્રો સામે હત્યાના ગંભીર આરોપો દાખલ કર્યા છે. આ અંગે ટ્રમ્પે જણાવ્યું કે ક્યુબા પર તેમની સરકાર નજીકથી નજર રાખી રહી છે અને આ મામલો ઘણો મહત્વપૂર્ણ છે. ક્યુબાના સ્વતંત્રતા દિવસે જ આ આરોપો જાહેર કરાયા છે.

# બેઈજિંગમાં પુતિન-શીજિનપિંગની વચ્ચે ઉચ્ચ સ્તરીય શિખર મંત્રણા યોજાઈ



બીજીંગ,તા.૨૧

ચીનની રાજધાની બેઈજિંગના 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ' ખાતે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે ઉચ્ચ સ્તરીય શિખર મંત્રણા યોજાઈ હતી. પશ્ચિમી દેશોના દબાણ સામે બંને નેતાઓએ એકતા અને વ્યૂહાત્મક સંકલન મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકનું મુખ્ય પાસું ૨૫ વર્ષ જૂની "ચીન-રશિયા મૈત્રીપૂર્ણ સહકાર સંધિ"નું વિસ્તરણ હતું. બંને દેશોએ ઊર્જા, વેપાર, રાજદ્વારી અને ટેકનોલોજી ક્ષેત્રે અનેક કરારો કર્યા છે. આ અંતર્ગત લાંબા સમયથી પ્રસ્તાવિત 'પાવર ઓફ સાઈબિરીયા ૨ ગેસ પાઈપલાઈન' પ્રોજેક્ટ પર પ્રગતિની પુષ્ટિ કરવામાં આવી છે, જે મંગોલિયા થઈને વાર્ષિક ૫૦ અબજ ઘન મીટર રશિયન ગેસ ચીન પહોંચાડશે. સંયુક્ત નિવેદનમાં અમેરિકાનું નામ લીધા વિના તેની "લશ્કરી સાહસિકતા" અને આર્થિક દબાણની ટીકા કરાઈ હતી. આ ઉપરાંત, ઈરાન સંઘર્ષ મુદ્દે શી જિનપિંગે વ્યાપક યુધ્ધવિરામને અત્યંત જરૂરી ગણાવી ચીનને વૈશ્વિક મધ્યસ્થી તરીકે રજૂ કર્યું હતું.

# રાજ્યમાં ડીઝલની તંગીથી ખેડૂતો અને ટ્રાન્સપોર્ટરોમાં આક્રોશ



અમદાવાદ,તા.૨૧

ઈરાન અને અમેરિકા વચ્ચે સર્જાયેલી યુધ્ધ જેવી પરિસ્થિતિના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની સપ્લાય પર ખૂબ જ માઠી અસર પડી છે. આ આંતરરાષ્ટ્રીય કટોકટીની સીધી અને નકારાત્મક અસર હવે ગુજરાત રાજ્યના સ્થાનિક પેટ્રોલ પંપો પર પણ સ્પષ્ટપણે દેખાવા લાગી છે. તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો ઝીંકાયા બાદ પણ ગ્રાહકોને પેટ્રોલ પંપ પર પૂરતો જથ્થો મળી રહ્યો નથી તેવી વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. ખાસ કરીને અમરેલી અને મોરબી સહિતના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ડીઝલની ભારે અછત વર્તાઈ રહી છે. આ અણધારી અછતના કારણે પોતાના મોંઘા પાક અને પરિવહન વ્યવસાયની ચિંતામાં ડૂબેલા ખેડૂતો તેમજ ટ્રાન્સપોર્ટરોમાં વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. આ સમસ્યા માત્ર ગુજરાત પૂરતી સીમિત નથી રહી, પરંતુ પાડોશી રાજ્ય મહારાષ્ટ્રના નાસિક સહિતના નજીકના સરહદી વિસ્તારોમાં પણ પેટ્રોલ-ડીઝલની આવી જ તીવ્ર અછત સર્જાઈ છે. પરિણામે, ત્યાંના સ્થાનિક લોકો પણ ઈંધણ મેળવવા માટે સરહદ પાર કરીને ગુજરાતના પેટ્રોલ પંપો પર આવી રહ્યા છે, જેના લીધે સ્થાનિક પંપો પર ભારણ બમણું થઈ ગયું છે.હાલ રાજ્યમાં કાળઝાળ ૪૦ ડિગ્રી ગરમી પડી રહી છે, છતાં ઈંધણ મેળવવા માટે કલાકો સુધી ટ્રકો અને ટ્રેક્ટરોની લાંબી લાઈનો લાગેલી જોવા મળે છે. ખેતીકામ ખોરવાઈ જવાની ભીતિ વચ્ચે વહેલી સવારના ચાર વાગ્યાથી જ ખેડૂતો ટ્રેક્ટરો લઈને પંપ પર પહોંચી જાય છે, જેના કારણે એક-એક કિલોમીટર લાંબી કતારો દ્રશ્યમાન થાય છે. કેટલીક જગ્યાએ તો પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ખેડૂતો હાથમાં કેરબા લઈને પગપાળા કે નાના વાહનો દ્વારા કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે.

આ અરાજકતા વચ્ચે રાજુલા-સાવરકુંડલા રોડ પર ઉગ્ર વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું, જ્યાં રોષે ભરાયેલા ખેડૂતોએ રસ્તા વચ્ચે ટ્રેક્ટરો આડા ધરીને ચક્કાજામ સર્જ્યો હતો. બીજી તરફ, ઈંધણની આ તંગીના કારણે માલ પરિવહન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે, જેની સીધી નકારાત્મક અસર સ્થાનિક વેપાર અને મોટા ઉદ્યોગો પર પડી રહી છે. ટ્રાન્સપોર્ટરોને સમયસર ઈંધણ ન મળતાં માલની હેરાફેરી અટકી પડી છે. આ ગંભીર મુદ્દે કચ્છ સહિત રાજ્યના વિવિધ ટ્રાન્સપોર્ટ સંગઠનોની ગાંધીધામ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સર્વાનુમતે એવો કડક નિર્ણય લેવામાં આવ્યો છે કે જો આગામી દિવસોમાં ડીઝલની સપ્લાય પુનઃ સામાન્ય નહીં બને, તો ૧ જૂન ૨૦૨૬થી તમામ ટ્રાન્સપોર્ટ વાહનો અને મશીનરીઓ સ્વૈચ્છિક રીતે બંધ કરી દેવામાં આવશે. આ સાથે જ ટ્રાન્સપોર્ટ સંગઠનોએ આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલ જેવી સરકારી ઓઈલ કંપનીઓ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર સાથે તાત્કાલિક બેઠક યોજીને આ કટોકટીનો કાયમી ઉકેલ લાવવાની ઉગ્ર માંગ કરી છે, તેમજ કચ્છના પોર્ટ પર લોડિંગ-અનલોડિંગની કામગીરી પણ સંપૂર્ણ બંધ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## રાજ્યમાં આગ ઓકતી ગરમી, હજુ ૭ દિવસ હીટવેવની આગાહી

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં સૂર્યનારાયણે આકરા મૂડમાં પ્રવેશ કર્યો છે, જેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર અને કેટલાક જિલ્લાઓમાં ૪૩ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગની તાજી આગાહી અનુસાર, આગામી ૫ થી ૭ દિવસ સુધી ગરમી અને ભેજનું પ્રમાણ વધવાથી લોકોને અસહ્ય ઉકળાટ (વેટ હીટ)નો સામનો કરવો પડશે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ ૪૩.૭ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત કંડલામાં ૪૩.૨ ડિગ્રી, અમરેલીમાં ૪૩.૧ ડિગ્રી, રાજકોટમાં ૪૩.૦ ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં ૪૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરતમાં તાપમાન ૩૪.૮ ડિગ્રી હોવા છતાં દરિયાઈ ભેજને કારણે અસહ્ય ગરમી અનુભવાઈ હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને આંતરિક વિસ્તારોમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે.

## અમરેલી જિલ્લાના ખેડૂતોને ૩૦ લીટર ડીઝલ કેરબામાં આપવા તંત્રનો આદેશ

### તંત્રના નિર્ણયથી ખેડૂતોને આંશિક રાહત

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં હાલ ખેતીની નવી સીઝન શરૂ થવા જઈ રહી છે ત્યારે ખેડૂતો માટે એક મહત્વના સમાચાર આવ્યા છે. સામાન્ય રીતે ટ્રેક્ટર સહિતના ખેતીના વાહનો માટે ડીઝલની ખૂબ જ જરૂરિયાત રહેતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી અમરેલી જિલ્લાના વિવિધ પેટ્રોલ પંપો પર ડીઝલનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો અને ખેડૂતો ડીઝલ ન મળતા ભારે નિરાશ થયા હતા. પેટ્રોલ પંપ સંચાલકો દ્વારા ખેડૂતોને ડીઝલ મેળવવા માટે ફરજિયાતપણે પોતાના વાહનો લઈને આવવાનો આગ્રહ રાખવામાં આવતો હતો. જો કોઈ ખેડૂત ખુલ્લા કેરબા લઈને પંપ પર જાય તો તેમને ડીઝલ આપવાની સ્પષ્ટ ના પાડી દેવામાં આવતી હતી. ખેડૂતોની આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટરે તાકીદની બેઠક યોજી હતી. આ બેઠક બાદ જિલ્લા પુરવઠા અધિકારીએ તમામ પેટ્રોલ પંપોને ખેડૂતોને કેરબામાં ૩૦ લીટર સુધીનું ડીઝલ આપવાનો મહત્વપૂર્ણ આદેશ કર્યો છે, જેનાથી ખેડૂતોને મોટી આંશિક રાહત મળી છે. જો કે તંત્રના આદેશ બાદ પંપ સંચાલકો ખેડૂતોને કેરબામાં ડીઝલનો જથ્થો આપે છે કે કેમ તે જોવાનુ રહ્યું

## અમરેલી સહિત રાજ્યમાં ફરી કમોસમી વરસાદની આગાહી

અમરેલી,તા.૨૧

હવામાન વિભાગ દ્વારા ભર ઉનાળે ફરી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૨ મેના રોજ ગીર સોમનાથ, અમરેલી, નવસારી, ડાંગ તેમજ દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ૨૩ મેના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ, આગામી ૭ દિવસ સુધી તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર નહીં થાય અને ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦° થી વધુ નોંધાય તેવી પ્રબળ સંભાવના છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાત ક્ષેત્ર, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું હતું.

## પોરબંદર-જૂનાગઢમાં માછીમારી પર ૬૧ દિવસનો સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો



જૂનાગઢ, તા.૨૧

કેન્દ્ર અને રાજ્ય સરકારના જાહેરનામા અનુસાર, દરિયાઈ જીવોના પ્રજનન અને સંવર્ધન ગાળાને ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો પોરબંદર અને જૂનાગઢમાં માછીમારી (ફિશિંગ) પર ૬૧ દિવસનો સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ વાર્ષિક ફિશિંગ બાન આગામી ૧લી જૂનથી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનારાઓ સામે મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા આકરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત મત્સ્ય ઉદ્યોગ નિયમ ૨૦૦૩ હેઠળ જારી કરાયેલા આ આદેશમાંથી માત્ર 'નોન-મોટરિઝ્ડ ક્રાફ્ટ' (યાંત્રિક વગરની નાની હોડીઓ)ને બાકાત રાખવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન તમામ યાંત્રિક બોટો દ્વારા આંતરરાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક જળવિસ્તારમાં માછીમારી કરવા પર રોક રહેશે.

## અમદાવાદમાં SOGએ મર્સિડીઝ કારમાંથી રૂ.૬૯ લાખનો હાઈબ્રિડ ગાંજો ઝડપ્યો



અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં ફેલાઈ રહેલા હાઈબ્રિડ ગાંજાના નેટવર્ક પર એસઓજી (SOG) ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે વિજય ચાર રસ્તા નજીકથી એક લક્ઝરી મર્સિડીઝ કારમાંથી રૂ.૬૯ લાખની કિંમતનો ૨ કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો છે. આ કેસમાં મૂળ રાજસ્થાનના અને હાલ નારણપુરામાં રહેતા હાર્દિક કલાલ નામના યુવકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ બાતમીના આધારે વોચ ગોઠવીને આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે ડ્રગ પેડલરો પોલીસથી બચવા મોંઘીદાટ કારનો ઉપયોગ કરી રહ્યા છે. પકડાયેલી મર્સિડીઝ કાર ભુપેન્દ્ર પરમારની હોવાનું ખૂલ્યું છે. આરોપીને આ જથ્થો એરપોર્ટ નજીક એક ટ્રોલી બેગમાં સોંપવામાં આવ્યો હતો. હાલ પોલીસ આ હાઈબ્રિડ ગાંજાના મુખ્ય સ્ત્રોત અને સ્થાનિક સપ્લાય નેટવર્ક અંગે ઊંડી તપાસ ચલાવી રહી છે.

## બનાસકાંઠામા ભાજપ અગ્રણીના ભાઈ સહિત ત્રણ રૂ.૭.૧૨ લાખના ડ્રગ્સ સાથે ઝડપાયા



પાલનપુર,તા.૨૧

સરહદી વિસ્તાર વાવ-થરાદમાં એસઓજી પોલીસે મોટી કાર્યવાહી કરીને રૂ.૨ લાખની કિંમતના ૬૬.૭૫ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. ચેકિંગ દરમિયાન એક સ્વિફ્ટ કારમાંથી આ જથ્થો મળી આવતા પોલીસે કાર અને મુદ્દામાલ સહિત કુલ રૂ.૭,૧૨,૭૫૦નો જથ્થો જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં થરાદ નગરપાલિકાના ભાજપના નગરસેવક મહેશ ત્રિવેદીનો સગો ભાઈ સુરેશ ત્રિવેદી પણ સામેલ હોવાથી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખાદ્યતેલોમાં ભડકો : સિંગતેલનો ડબ્બો રૂ.૨૮૦૦ને પાર થતા ગૃહિણીઓ પરેશાન



રાજકોટ,તા.૨૧

વૈશ્વિક તણાવ અને સપ્લાય ચેઈનની અડચણોને કારણે પેટ્રોલ-ડીઝલ બાદ હવે ખાદ્યતેલોના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. રાજકોટના તેલ બજારમાં આજે સિંગતેલના ડબ્બામાં વધુ રૂ.૧૦નો વધારો થતાં ભાવ રૂ.૨૮૦૦ સુધી પહોંચી ગયો છે.

આ સાથે જ કપાસિયા તેલનો ડબ્બો રૂ.૨૬૬૦ અને પામોલીન તેલનો ભાવ રૂ.૨૪૧૫ની સપાટીએ પહોંચ્યો છે. વેપારીઓના મતે જો આંતરરાષ્ટ્રીય સ્થિતિ નહીં સુધરે, તો આગામી દિવસોમાં આયાત પ્રભાવિત થવાને કારણે ખાદ્યતેલોના ભાવ હજુ વધુ ઊંચકાઈ શકે છે.

## સુરતમાં બિલ્ડરના બંગલામાંથી રૂ.૪૮ લાખની ચોરીનો આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો



સુરત,તા.૨૧

સુરતના પોશ વિસ્તાર અડાજણમાં જાણીતા બિલ્ડરના બંગલામાંથી મધ્યરાત્રિએ રૂ.૪૮ લાખ રોકડા અને સોનાના દાગીનાની મોટી ચોરી થઈ હતી. જોકે, અડાજણ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે ત્વરિત કાર્યવાહી કરીને આશરે ૧૦૦ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. તેના આધારે નાનપુરાના કુખ્યાત તસ્કર દેવરાજ ઉર્ફે કાલુ પાટીલની ઓળખ કરી તેને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની નિશાનદેહી પરથી રાંદેરમાં છુપાવેલી ચોરીની સમગ્ર રકમ અને દાગીના સુરક્ષિત રીતે રિકવર કરી લીધા છે.







